# કામકાજનો ટૂંકો અહેવાલ

## ચોથું અધિવેશન

(૨૯મી ઓગષ્ટથી ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૬૮)

ત્રીજી ગુજરાત વિધાનસભા

ગુજરાત વિધાનસભા સચિવાલય,

અમદાવાદ—૧૬,

ઓક્ટોબર, ૧૯૬૮.

(કિંમત:—રૂ. ૦-૬૫ પૈ.)

# પ્રસ્તાવના

આ પ્રકાશનમાં ત્રીજી ગુજરાત વિધાનસભાના ચોથા અધિવેશન (૨૬મી ઓગસ્ટથી ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૬૮)માં થયેલા કામકાજની જુદી જુદી બાબતો ઉપર સ્પષ્ટીકરણ આપતી ટૂંકી નોંધ આપેલી છે. શકય હોય ત્યાં આમાંની કેટલીક બાબતો અંગે આંકડાવાર માહિતી પણ આપી છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
નવી સિવિલ હૉસ્પિટલ,
અમદાવાદ--૧૬, તા. ૩૦મી ઓકટોબર ૧૯૬૮.

દ્વિજેન દેસાઈ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ગુજરાત વિધાનસભા
ક્રમાંક
તારીખ
ગ્રંથાલય

৩২৮.৩৫
৯ ৫২৪
২৫৭২০

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | ત્રીજી ગુજરાત વિધાનસભાના ચોથા અધિવેશન (૨૬મી ઓગસ્ટ થી ૧૪મી સપ્ટેમ્બર)માં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ ... ... | ૧ |
| ૨. | પત્રક ક્રમાંક--૧, સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલી હાજરી ... ... ... | ૧૧ |
| ૩. | પત્રક ક્રમાંક--૨, સભ્યશ્રીઓની તારીખવાર હાજરી | ૧૭ |
| ૪. | પત્રક ક્રમાંક--૩, અધિવેશન દરમ્યાન ગુજરાત વિધાનસભામાં રોજેરોજ થયેલા કામકાજનો સારાંશ ... | ૧૮ |
| ૫. | પત્રક ક્રમાંક--૪, તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નોનો નિકાલ (આંકડામાં) ... | ૩૮ |
| ૬. | પત્રક ક્રમાંક--૫, તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) ... ... | ૪૦ |
| ૭. | પત્રક ક્રમાંક--૬, અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) ... ... | ૪૨ |
| ૮. | પત્રક ક્રમાંક--૭, સરકારી વિધેયકો ... | ૪૪ |
| ૯. | પત્રક ક્રમાંક--૮, સન ૧૯૬૮--૬૯ના વર્ષ માટેની પૂરક માગણીઓ ... ... | ૫૦ |
| ૧૦. | પત્રક ક્રમાંક--૯, સન ૧૯૬૮--૬૯ના વર્ષ માટેની પૂરક માગણીઓ પરની કાપદરખાસ્તો. ... | ૫૨ |

| ક્રમાંક | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧૧. | પત્રક ક્રમાંક–૧૦, બીજા પ્રસ્તાવો (નિયમ ૧૦૫) ... | ૫૮ |
| ૧૨. | પત્રક ક્રમાંક–૧૧, ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની સૂચનાઓ ... ... | ૬૦ |
| ૧૩. | પત્રક ક્રમાંક–૧૨, ધ્યાન દોરતી સૂચનાઓ ... | ૬૨ |
| ૧૪. | પત્રક ક્રમાંક–૧૩, રજૂઆત માટેનાં બિન–સરકારી વિધેયકો ... ... ... | ૬૬ |
| ૧૫. | પત્રક ક્રમાંક–૧૪, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો ... ... | ૬૮ |
| ૧૬. | પત્રક ક્રમાંક–૧૫, પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો ... ... | ૬૯ |
| ૧૭. | પત્રક ક્રમાંક-૧૬, બિન-સરકારી સંકલ્પો ... | ૭૩ |
| ૧૮. | પત્રક ક્રમાંક–૧૭, નિયમ-૧૮૭ હેઠળના પ્રસ્તાવો ... | ૭૪ |
| ૧૯. | પત્રક ક્રમાંક–૧૮, વિભાજન ... ... | ૭૫ |

# ત્રીજી ગુજરાત વિધાનસભાના ચોથા અધિવેશનમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

## પ્રારંભિક

ત્રીજી ગુજરાત વિધાનસભાનું ચોથું અધિવેશન સોમવાર, તા. ૨૬મી ઓગસ્ટ, ૧૯૬૮ના રોજ શરૂ થયું હતું અને શનિવાર, તા. ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૬૮ના રોજ સમાપ્ત થયું હતું. અધિવેશન દરમ્યાન વિધાનસભા કુલ ૧૪ દિવસ મળી હતી તેમાંથી તા. ૧૧-૯-૬૮ના રોજ બે બેઠકો થવાથી કુલ ૧૫ બેઠકો થઈ હતી. અધિવેશન દરમ્યાન વિધાનસભાએ ૬૯ કલાક અને ૩૦ મિનિટ કામ કર્યું હતું.

## હાજરી

અધિવેશન દરમ્યાન એક દિવસે વધારેમાં વધારે હાજરી ૧૪૧ હતી અને ઓછામાં ઓછી હાજરી ૧૨૫ હતી. સરેરાશ હાજરી ૧૩૪ હતી. સભ્યશ્રીઓએ વ્યક્તિગત રીતે આપેલી હાજરી, પત્રક ક્રમાંક-૧માં તેમજ તેમની તારીખવાર હાજરી પત્રક ક્રમાંક-૨માં દર્શાવેલી છે.

## રોજરોજના કામકાજનો સારાંશ

વિધાનસભાએ રોજેરોજ કરેલા કામકાજનો સારાંશ પત્રક ક્રમાંક-૩માં આપ્યો છે.

## તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નો

અધિવેશન દરમ્યાન ૪૦૪૩ તારાંકિત પ્રશ્નો અને ૨૬૩ ટૂંકી મુદતના પ્રશ્નોની સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તે તથા પ્રશ્નોની ખાતાવાર માહિતી પત્રકો ક્રમાંક-૪, ૫ અને ૬માં આપવામાં આવી છે.

## અર્ધા કલાકની ચર્ચા

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૨ અન્વયે સભાગૃહમાં પ્રશ્નોના અપાયેલા ઉત્તરમાંથી ઉભી થતી જાહેર અગત્યની બાબત ઉપર અર્ધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની ૫ સૂચનાઓ મળી હતી, જેમાંથી ૩ નામંજુર કરવામાં આવી હતી અને ૨ સૂચનાઓ તા. ૪થી અને ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૬૮ના રોજ ચર્ચવામાં આવી હતી.

## વટહુકમ

તા. ૨૯મી ઓગસ્ટ, ૧૯૬૮ના રોજ નીચેના વટહુકમ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા:—

(૧) સન ૧૯૬૮નો મુંબઈ તાલુકદારી સત્તાપ્રકાર નાબૂદી (સુધારા) વટહુકમ (સન ૧૯૬૮નો વટહુકમ ક્રમાંક-૧.)

(૨) સન ૧૯૬૮નો મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત સુધારા) વટહુકમ (ગુજરાતનો સન ૧૯૬૮નો વટહુકમ ક્રમાંક--૨.)

## સરકારી વિધેયકો

અધિવેશન માટે કાર્યાવલીમાં ૧૪ સરકારી વિધેયકો બતાવવામાં આવ્યાં હતાં, તેમાંથી ૧૦ વિધેયકો પસાર કરવામાં આવ્યાં હતાં. (જુઓ પત્રક ક્રમાંક --૭).

## નાણાંકીય કામકાજ

### ૧. ખર્ચનું પૂરક પત્રક.

**(ક) રજૂઆત.**— સન ૧૯૬૮-૬૯ના વર્ષ માટેનું રૂા. ૨૩,૨૬,૮૩,૦૬૩નું ખર્ચનું પૂરક પત્રક તા. ૨૬-૮-૬૮ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં મતપાત્ર રકમ રૂા. ૯,૦૬,૦૫,૨૭૬ હતી અને બિન-મતપાત્ર રકમ રૂા. ૧૪,૨૦,૭૭,-૭૮૭ હતી.

**(ખ) ચર્ચા અને મતદાન.**— પૂરક માગણીઓ ઉપર તા. ૪થી અને ૫મી સપ્ટેમ્બર, ૧૯૬૮ના રોજ ચર્ચા અને મતદાન કરવામાં આવ્યું હતું. પૂરક પત્રકમાં સમાવિષ્ઠ કરેલી કુલ ૪૫ માગણીઓ સભાગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી. આ માગણીઓમાંથી ૧૯ માગણીઓ ચર્ચા માટે નક્કી થઈ હતી, પરંતુ તેમાંથી ફક્ત ૪ માગણીઓ ઉપર સભાગૃહમાં ચર્ચા થઈ શકી હતી. રજૂ થયેલી બધી જ પૂરક માગણીઓ સભાગૃહે પસાર કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક--૮)

**(ગ) કાપ દરખાસ્તો.**— પૂરક માગણીઓ ઉપર કુલ ૨૭૫ કાપ દરખાસ્તો આવી હતી અને તેમાંથી ૨૫૬ કાપ દરખાસ્તો દાખલ કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક--૯ )

## ૨. આકસ્મિક ફંડ પેશગીઓ દર્શાવતું પત્રક.

જેને માટે પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી નથી તેવી તા. ૨૬મી ઓગસ્ટ, ૧૯૬૮ સુધી આકસ્મિક ફંડમાંથી મંજુર કરાયેલ પેશગીઓ દર્શાવતું પત્રક તા. ૨૮-૮-૧૯૬૮ના રોજ સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યું હતું.

### સભામોકૂફીનો પ્રસ્તાવ (નિયમ–૧૦૮)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૮ અન્વયે સભામોકૂફીના પ્રસ્તાવની ૧ સૂચના આવી હતી. આ સૂચનાને માનનીય અધ્યક્ષશ્રીએ સંમતિ આપી ન હતી.

### અધિવેશનને છેલ્લે દિવસે થઈ શકે તેવા પ્રસ્તાવો (નિયમ-૧૦૪)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૪ હેઠળ અધિવેશનને છેલ્લે દિવસે થઈ શકે તેવા પ્રસ્તાવોની કુલ ૫૦ સૂચનાઓ આવી હતી, જેમાંથી ૩૯ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૪ (૪) ની જોગવાઈ અનુસાર એક કરતાં વધારે પ્રસ્તાવ પર ચર્ચા થઈ શકે તેમ ન હોવાથી, દાખલ કરવામાં આવેલા પ્રસ્તાવો પૈકી કયો પ્રસ્તાવ ચર્ચા માટે લેવો તે નક્કી કરવા માટે તા. ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૬૮ના રોજ બેલટ યોજવામાં આવ્યો હતો. આ બેલટમાં વિ. સ. સ. શ્રી ગોવિંદભાઈ હ. પટેલનો, દુષ્કાળની પરિસ્થિતિ અંગે વિચારણા કરવા બાબતનો પ્રસ્તાવ આવ્યો હતો. પ્રસ્તાવ પર સભાગૃહે શનિવાર, તા. ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૬૮ ના રોજ ચર્ચા કરી હતી. આ પ્રસ્તાવની ચર્ચા માટે દોઢ કલાક ફાળવવામાં આવ્યો હતો.

### બીજા પ્રસ્તાવો (નિયમ-૧૦૫)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૫ હેઠળ બીજા પ્રસ્તાવોની ૧૬ સૂચનાઓ આવી હતી. આવેલી સૂચનાઓમાંથી ૩ પ્રસ્તાવો દાખલ કરવામાં આવ્યા હતા. દાખલ કરેલા પ્રસ્તાવોમાંથી ૧ પ્રસ્તાવ ઉપર સભાગૃહમાં તા. ૨-૯-૬૮ના રોજ ચર્ચા થઈ હતી. (જુઓ પત્રક ક્રમાંક–૧૦)

### મંત્રીશ્રીઓનાં નિવેદનો (નિયમ-૪૪)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૪૪ અન્વયે મંત્રીશ્રીઓએ નીચે મુજબનાં નિવેદનો કર્યાં હતાં:—

(૧) રાજ્યની વિવિધ નદીઓમાં આવેલાં પૂરને કારણે થયેલ નુકસાન અંગે લેવાનાર વિવિધ પગલાં બાબતનું મુખ્ય મંત્રીશ્રીનું નિવેદન (તા. ૨૬મી ઓગસ્ટ, ૧૯૬૮)

(૨) કૃષિ યુનિવર્સિટીની સ્થાપનાના મથક અંગે સહકાર મંત્રીશ્રીનું નિવેદન (તા. ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૬૮).

## ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની સૂચનાઓ (નિયમ–૧૧૨)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૨ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની કુલ ૪૮ સૂચનાઓ આવી હતી. આ સૂચનાઓ પૈકી ૧૭ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી સૂચનાઓમાંથી સરખા વિષયની સૂચનાઓ એકત્રિત કરતાં ત્રણ સૂચનાઓ ચર્ચા માટે હતી. આ ૩ સૂચનાઓ પૈકી રાજ્યમાં ફેલાતી જતી દુષ્કાળની પરિસ્થિતી અંગેની એક સૂચના સમયના અભાવે સભાગૃહમાં ચર્ચા માટે લઈ શકાઈ ન હતી. બાકીની બે સૂચનાઓ પર સભાગૃહમાં ચર્ચા થઈ હતી. નામંજૂર થયેલી સૂચનાઓમાંથી એક સૂચનાને નિયમ ૧૦૫ હેઠળ દાખલ કરવામાં આવી હતી. જ્યારે એક જ વિષયની ૧૧ સૂચનાઓ આપનાર સભ્યોનાં નામો તે જ વિષયને લગતી નિયમ-૧૧૬ હેઠળની સૂચનામાં જોડવામાં આવ્યાં હતાં. (જુઓ પત્રક ક્રમાંક-૧૧)

## ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ–૧૧૬)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબતો પર ધ્યાન દોરવા માટે કુલ ૯૬ સૂચનાઓ આવી હતી. આ સૂચનાઓમાંથી ૨૫ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. ૨ સૂચનાઓ લાગતા વળગતા સભ્યશ્રી તરફથી પાછી ખેંચી લેવામાં આવી હતી. દાખલ થયેલી સૂચનાઓમાં સરખા વિષયની નિયમ ૧૧૨ હેઠળની ટૂંક સમયની ચર્ચા માટેની ૧૧ સૂચનાઓ આપનાર અને ટૂંકી મુદતના ૯ પ્રશ્નોની સૂચના આપનાર સભ્યોનાં નામો જોડવામાં આવ્યાં હતાં. દાખલ થયેલી ૨૫ સૂચનાઓમાંથી એક જ વિષયની કે સરખા વિષયની કેટલીક સૂચનાઓને એકત્રિત કરીને દાખલ કરી હતી અને તેમ કરવાથી ૧૨ સૂચનાઓ પર લાગતાવળગતા મંત્રીશ્રીઓએ નિવેદનો કરવાનાં હતાં. આ પૈકી ૫ સૂચનાઓ પર સભાગૃહમાં નિવેદનો કરવામાં આવ્યાં હતાં અને બાકીની ૭ સૂચનાઓ પરના નિવેદનો સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યાં હતાં. (જુઓ પત્રક ક્રમાંક–૧૨)

## બિન-સરકારી વિધેયકો

### (૧) રજુઆત માટેનાં બિન-સરકારી વિધેયકો.

અધિવેશન દરમિયાન ૧૪ બિન-સરકારી વિધેયકોની સૂચના મળી હતી. તેમાંથી ૧૦ સૂચનાઓ અધ્યક્ષશ્રીએ દાખલ કરી હતી. આમ કુલ ૧૦ વિધેયકો સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યાં હતાં. વિધેયકોની બે સૂચનાઓ અધ્યક્ષશ્રીએ નામંજૂર કરેલ હતી અને ૨ સૂચનાઓ વિધેયકો બાબત સ્પષ્ટતા માટે સભ્યશ્રીઓ સાથે વિચારણામાં બાકી રહેલ. (જુઓ પત્રક ક્રમાંક–૧૩).

## (૨) બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન–સરકારી વિધેયકો.

લોકોનો અભિપ્રાય જાણવા સારૂ છ માસ માટે ફેરવવામાં આવેલ શ્રી નાગજીભાઈ ગો. આર્યનું સન ૧૯૬૭નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨૧ (ગુજરાત પશુઓનું બલિદાન આપવાની મનાઈ કરવા બાબતનું વિધેયક) બીજા અને ત્રીજા વાંચન માટે બતાવવામાં આવ્યું હતું પરંતુ સભ્યશ્રીની ગેરહાજરીને કારણે સભાગૃહમાં ચર્ચા માટે લઈ શકાયું ન હતું. (જુઓ પત્રક ક્રમાંક--૧૪).

## (૩) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો.

પહેલાં, બીજા અને ત્રીજા વાંચન માટેનાં ૧૫ બિનસરકારી વિધેયકો હતાં, તેમાંથી ૬ વિધેયકો ચર્ચા માટે બતાવવામાં આવેલ તે પૈકીનું ૧ વિધેયક સભાગૃહે ચર્ચાને અંતે નામંજૂર કર્યું હતું જ્યારે બાકીનાં વિધેયકો સમયના અભાવે ચર્ચામાં લઈ શકાયાં નહોતાં. (જુઓ પત્રક ક્રમાંક --૧૫)

## બિન-સરકારી સંકલ્પો (નિયમ–૧૧૭)

સભાગૃહમાં બિન-સરકારી સંકલ્પોની ચર્ચા તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૬૮ના રોજ કરવામાં આવી હતી.

બિન-સરકારી સંકલ્પોની કુલ ૨૨૦ સૂચનાઓ આવી હતી. આ સૂચનાઓમાંથી ૧૬૪ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી જ્યારે ૫૬ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક--૧૬)

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૮૭ હેઠળના પ્રસ્તાવો.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૮૭ હેઠળ જાહેર અગત્યની બાબતો પર વિચારણા કરવા માટે સમિતિ નિમવા માટેના પ્રસ્તાવોની ૧૦ સૂચનાઓ મળી હતી, જે બધી દાખલ કરવામાં આવી હતી. દાખલ થયેલા પ્રસ્તાવોમાંથી બેલટ દ્વારા ૬ પ્રસ્તાવોનો અગ્રતાક્રમ નક્કી કરવામાં આવ્યો હતો અને તેમાંથી ૪ પ્રસ્તાવો ઉપર સભાગૃહમાં તા. ૧૦-૯-૧૯૬૮ના રોજ ચર્ચા કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક --૧૭)

## ઔચિત્ય ભંગનો પ્રશ્ન.

સભાગૃહના ઔચિત્યના ભંગ અંગે એક સૂચના મળી હતી, જે દાખલ કરવામાં આવી હતી.

## સમિતિની બેઠકો

અધિવેશન દરમિયાન નીચે જણાવેલી સમિતિઓની બેઠકો થઈ હતી:—

| અનુક્રમાંક | સમિતિનું નામ | બેઠક મળ્યાની તારીખ |
|---|---|---|
| ૧. | કામકાજ સલાહકાર સમિતિ | ૧. ૨૬-- ૮--૧૯૬૮<br>૨. ૪-- ૯--૧૯૬૮ |
| ૨. | બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિ. | ૧. ૨-- ૯--૧૯૬૮<br>૨. ૯-- ૯--૧૯૬૮ |
| ૩. | નિયમો માટેની સમિતિ | ૨૯-- ૮--૧૯૬૮ |
| ૪. | વિશેષાધિકાર સમિતિ | ૨-- ૯--૧૯૬૮ |
| ૫. | સદસ્ય નિવાસ વ્યવસ્થા સમિતિ | ૯-- ૯--૧૯૬૮ |
| ૬. | સભ્યોનાં ભથ્થાં બાબતનાં નિયમો માટેની સમિતિ | ૧૦-- ૯--૧૯૬૮ |
| ૭. | ગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ | ૧૨-- ૯--૧૯૬૮ |
| ૮. | અરજી સમિતિ | ૧૨-- ૯--૧૯૬૮ |

## વિધાનસભામાં રજુ થયેલા / ચર્ચાયેલા અહેવાલો વગેરે

અધિવેશન દરમિયાન નીચે જણાવેલા અહેવાલો વગેરે વિધાનસભામાં રજૂ થયા હતા અથવા ચર્ચાયા હતા :—

| અનુ-ક્રમાંક | અહેવાલ | રજૂ થયાની તારીખ | ચર્ચાયાની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | કામકાજ સલાહકાર સમિતિના અહેવાલો. | (૧) ૨૬-૮-૧૯૬૮<br>(૨) ૫-૯-૧૯૬૮ | — |
| ૨. | બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના અહેવાલો | | |
| | (૧) આઠમો અહેવાલ | ૩-૯-૧૯૬૮ | — |
| | (૨) નવમો અહેવાલ | ૧૦-૯-૧૯૬૮ | — |
| ૩. | ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોરપોરેશનનો સન ૧૯૬૬-૬૭-નો વહીવટી અહેવાલ. | ૨૫-૪-૧૯૬૮ (ઔપચારિક રીતે મંત્રીશ્રીએ વિધાન-સભાના મેજ ઉપર મૂકયા તારીખ. ૨૬–૮–૧૯૬૮) | ૨૮–૮–૧૯૬૮ |
| ૪. | ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોરપોરેશનના સન ૧૯૬૭-૬૮ના સુધારેલા અંદાજ અને સન ૧૯૬૮–૬૯ના અંદાજ. | ૫–૮–૧૯૬૮ (ઔપચારિક રીતે મંત્રીશ્રીએ વિધાન-સભાના મેજ ઉપર મૂકયા તારીખ ૨૬-૮-૧૯૬૮) | — |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૫. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોરપોરેશનના સન ૧૯૬૬-૬૭-ના હિસાબો અને તે પરનો ઓડિટ અહેવાલ. | ૨૫--૪--૧૯૬૮ (ઔપચારિક રીતે મંત્રીશ્રીએ વિધાન-સભાના મેજ ઉપર મૂકયા તારીખ ૨૬-૮-૧૯૬૮) | — | |
| ૬. ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોરપોરેશનનું સન ૧૯૬૮-૬૯નું અંદાજ-પત્ર. | ૨૮-૬-૧૯૬૮ (ઔપ-ચારિક રીતે મંત્રીશ્રીએ વિધાન સભાના મેજ ઉપર મૂકયા તારીખ ૨૬--૮--૧૯૬૮.) | — | |
| ૭. ગુજરાત વિદ્યુત બોર્ડનું સન ૧૯૬૮-૬૯નું નાણાકીય વિવરણ પત્રક (અંદાજ પત્ર). | — | ૨૬--૮--૧૯૬૮ | |
| ૮. ગુજરાત રાજ્ય નાણાકીય કોરપોરેશનનો સન ૧૯૬૭-૬૮નો અહેવાલ. | ૯--૯--૧૯૬૮ | | |
| ૯. ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનના સન ૧૯૬૪-૬૫ અને સન ૧૯૬૫-૬૬ના અહેવાલો અને જે કિસ્સાઓમાં કમિશનની સલાહ સ્વીકારવામાં આવી નથી તે કિસ્સાઓમાં તે ન સ્વીકારવાનાં કારણો દર્શાવતી યાદીઓ. | — | ૧૧-૯-૧૯૬૮ | |
| ૧૦. ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનું સન ૧૯૬૫--૬૬ અને સન ૧૯૬૬-૬૭નું કામકાજ. | — | ૧૧--૯--૧૯૬૮ | |
| ૧૧. ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનનો સન ૧૯૬૬--૬૭નો અહેવાલ અને જે કિસ્સાઓમાં કમિશનની સલાહ સ્વીકારવામાં આવી નથી તે કિસ્સાઓમાં તે ન સ્વીકારવા માટેનાં કારણો દર્શાવતી યાદી. | ૧૪--૯--૧૯૬૮ | — | |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૧૨. ગુજરાત વિજિલન્સ કમિશનનો સન ૧૯૬૬--૬૭નો અહેવાલ. | ૧૪--૯--૧૯૬૮ | | |
| ૧૩ અંદાજ સમિતિનો ત્રીજો અહેવાલ | -- | ૧૪--૯--૬૮ |
| ૧૪ અંદાજ સમિતિનો ચોથો અહેવાલ | -- | ૧૪--૯--૬૮ |
| ૧૫ અંદાજ સમિતિનો પાંચમો અહેવાલ | ૨-- ૯--૬૮ | ૧૪--૯--૬૮ |
| ૧૬ અંદાજ સમિતિનો છઠ્ઠો અહેવાલ | ૨-- ૯--૬૮ | ૧૪--૯--૬૮ |
| ૧૭ વિશેષાધિકાર સમિતિનો ત્રીજો અહેવાલ | ૬-- ૯--૬૮ | -- |
| ૧૮ વિશેષાધિકાર સમિતિનો ચોથો અહેવાલ | ૬-- ૯--૬૮ | -- |
| ૧૯ નિયમો માટેની સમિતિનો પહેલો અહેવાલ | ૨-- ૯--૬૮ | -- |
| ૨૦ અરજી સમિતિનો ચોથો અહેવાલ | ૧૪-- ૯--૬૮ | -- |
| ૨૧ સદસ્ય નિવાસ વ્યવસ્થા સમિતિનો ત્રીજો અહેવાલ | ૧૩-- ૯--૬૮ | -- |
| ૨૨ સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો સન ૧૯૬૮નો બીજો અહેવાલ | ૧૪-- ૯--૬૮ | -- |

## સભાગૃહને સાદર કરવામાં આવેલ અરજી

તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૬૮ના રોજ વિ. સ. સ. શ્રી લાલસિંહ કે. રહેવર દ્વારા, શ્રી મણિભાઈ કીશાભાઈ પટેલ તથા કરણપુર, વાંટડાસુકા, કમાલીયા, આંકડીયાના મુવાડા વિગેરે ગામના બીજા ૩૦ ગ્રામજનોની ધનસુરા--માલપુર રસ્તામાં માઈલ નં. પથી ૯ની લાઈન દોરી બાબતની અરજી સભાગૃહને સાદર રજૂ કરી. અધ્યક્ષશ્રીએ આ અરજી, અરજી સમિતિને સોંપી હતી.

## શોકદર્શક ઉલ્લેખ

ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર ધારાસભાના અને ભૂતપૂર્વ મુંબઈ વિધાન પરિષદના સભ્યશ્રી લાભશંકર દેવશંકર આચાર્યના અવસાન અંગેનો શોકદર્શક ઉલ્લેખ તારીખ ૨૬મી ઓગસ્ટ, ૧૯૬૮ ના રોજ સભાગૃહમાં કરવામાં આવ્યો હતો, અને સદ્‌ગતને અંજલિ આપ્યા બાદ સભાગૃહના સભ્યોએ ઉભા થઈને થોડીવાર મૌન પાળ્યું હતું.

## વિભાજન

અધિવેશન દરમિયાન થયેલ વિભાજનને લગતી માહિતી પત્રક ક્રમાંક-૧૮માં આપી છે.

## સભાત્યાગ

૧. જુદી જુદી નદીઓમાં આવેલા પૂરને કારણે ઉપસ્થિત થયેલી પરિસ્થિતિ ઉપર તારીખ ૨૬મી ઓગસ્ટ, ૧૯૬૮ના રોજ મુખ્ય મંત્રીશ્રીએ કરેલા નિવેદન ઉપર તા. ૨જી સપ્ટેમ્બર, ૧૯૬૮ના રોજ થયેલી ચર્ચા વખતે વિ. સ. સ. ડૉ. મનહરલાલ શાહે તેમને બોલવાનો અવકાશ મળ્યો ન હોવાથી સભાત્યાગ કર્યો. ત્યારપછી વિરોધ પક્ષના કેટલાક સભ્યોએ સભાત્યાગ કર્યો.

૨. તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૬૮ના રોજ વિ. સ. સ. શ્રી મનુભાઈ પાલખીવાલાએ સન ૧૯૬૮ના મુંબઈ વીજળી વેરો (સુધારા) વિધેયકની ચર્ચા વખતે તેમને વધુ સમય આપવાની માગણી મંજૂર ન થતાં સભાત્યાગ કર્યો.

## વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલા પ્રેક્ષકો

| | |
|---|---|
| (ક) પ્રેક્ષકો માટેની દીર્ધામાં આવેલા પ્રેક્ષકો | ૨૭૯૭ |
| (ખ) ૩૭ સંસ્થાઓ અને શાળાઓમાંથી વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલા પ્રેક્ષકોની સંખ્યા | ૨૯૬૯ |
| (ગ) અધ્યક્ષ દીર્ધામાં આવેલા પ્રેક્ષકોની સંખ્યા | ૧૮૯૦ |
| (ઘ) અતિથિ વિશેષ દીર્ધામાં આવેલા પ્રેક્ષકોની સંખ્યા | ૧૭૦ |
| કુલ ... | ૭૮૨૬ |

## પત્રક ક્રમાંક--૧.

### સભ્યશ્રીઓએ આપેલ હાજરી બતાવતું પત્રક

| ક્રમાંક | સભ્યશ્રીનું નામ | કુલ હાજરી |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | શ્રી અનવરબેગ અહેમદબેગ મીરઝાં | સંસદીય સચિવશ્રી |
| ૨. | શ્રી અબ્દુલ રહીમ તાજુજી કુંદીવાલા | ૧૪ |
| ૩. | શ્રી અભેસિંહ કોદરભાઈ પરમાર | ૧૩ |
| ૪. | શ્રી અમરસિંહ દીપસિંહ પરમાર | ૧૪ |
| ૫. | શ્રી અમરસિંહ ભુપતસિંહ વાઘેલા | ૧૪ |
| ૬. | —ખાલી— | |
| ૭. | શ્રી અર્જુનસિંહ ભારતસિંહ ઠાકોર | ૧૪ |
| ૮. | શ્રીમતી અરૂણાબહેન ગંભીરભાઈ પટેલ | ૧૪ |
| ૯. | શ્રી અંબાશંકર જેઠુરામ ત્રિવેદી | ૧૪ |
| ૧૦. | શ્રી આનંદલાલ ચીમનલાલ મહેતા | ૧૪ |
| ૧૧. | શ્રી ઈન્દુભાઈ ચતુરભાઈ પટેલ | ૧૪ |
| ૧૨. | શ્રી ઉત્તમભાઈ હરજીભાઈ પટેલ | ૧૪ |
| ૧૩. | શ્રી ઉદેસિંહ વીરસિંહ વડોદિયા | ૧૪ |
| ૧૪. | શ્રી ઊર્મિલાબહેન પ્રેમશંકર ભટ્ટ | નાયબ મંત્રીશ્રી |
| ૧૫. | શ્રી કમળાશંકર ભુલેશ્વર દવે | ૧૪ |
| ૧૬. | શ્રી કરસનભાઈ હરિભાઈ ચૌધરી | ૧૪ |
| ૧૭. | શ્રી કસ્તુરભાઈ નગીનદાસ દોશી | ૧૩ |
| ૧૮. | શ્રી કાનજીભાઈ કચરા મ્હોરી | ૧૨ |
| ૧૯. | શ્રી કાંતિપ્રસાદ જયશંકર યાજ્ઞિક | ૨ |
| ૨૦. | શ્રી કાંતિલાલ ફુલચંદ ધીયા | ૧૩ |
| ૨૧. | શ્રી કિશોરસિંહ કાળુસિંહ પરમાર | ૧૩ |
| ૨૨. | શ્રી કુરજી ડુંગર પટેલ | ૮ |
| ૨૩. | શ્રી કેશવજી ગોકલદાસ રાયચુરા | ૧૪ |
| ૨૪. | શ્રી કેશવભાઈ રતનજી પટેલ | ૧૪ |
| ૨૫. | શ્રી કેસર ભગવાન ડોડિયા | ૭ |
| ૨૬. | શ્રી ખોડુભા અભેસિંહ વાઘેલા | ૧૩ |
| ૨૭. | શ્રીમતી ગંગાબહેન અમૃતલાલ વાઘેલા | ૧૪ |
| ૨૮. | શ્રી ગંગારામ ચુનીલાલ રાવળ | ૧૪ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૨૯. | શ્રી ગુમાનસિંહ વિરમસિંહ વાઘેલા | ૧૪ |
| ૩૦. | શ્રી ગોરધનદાસ રણછોડદાસ ચોખાવાલા | મંત્રીશ્રી |
| ૩૧. | શ્રી ગોવિંદભાઈ હારેભાઈ પટેલ | ૧૪ |
| ૩૨. | શ્રી ગોસાંઈભાઈ છીબાભાઈ પટેલ | ૧૪ |
| ૩૩. | શ્રી ગૌરીશંકર ધનેશ્વર પાઠક | ૧૩ |
| ૩૪. | શ્રી ચંદ્રકાંત મૂળજીભાઈ પરીખ | ૧૪ |
| ૩૫. | શ્રી ચંદ્રશંકર મણિશંકર ભટ્ટ | ૫ |
| ૩૬. | શ્રી ચંદ્રસિંહજી દીપસિંહજી જાડેજા | ૧૩ |
| ૩૭. | શ્રી ચીમનભાઈ જીવાભાઈ પટેલ | મંત્રીશ્રી |
| ૩૮. | શ્રી ચીમનલાલ હરિલાલ શુકલ | ૪ |
| ૩૯. | શ્રી ચુનીલાલ ગણેશદાસ પટેલ | ૧૪ |
| ૪૦. | શ્રી ચુનીલાલ પોપટલાલ ચુડગર | ૧૪ |
| ૪૧. | શ્રી ચુનીલાલ બીજલભાઈ વસાવા | ૯ |
| ૪૨. | શ્રી છબીલદાસ પ્રાગજીભાઈ મહેતા | ૧૨ |
| ૪૩. | શ્રી છોટુભાઈ નાથુભાઈ રાઠોડ | ૧૪ |
| ૪૪. | શ્રી જગતા પુરા પરમાર | ૧૪ |
| ૪૫. | શ્રી જમુભાઈ પુંજીરામ ભટ્ટ | ૧૪ |
| ૪૬. | શ્રી જયવંતરાય નાનુભાઈ મહેતા | મંત્રીશ્રી |
| ૪૭. | શ્રી જયવંતલાલ સૌભાગ્યચંદ શાહ | ૧૪ |
| ૪૮. | શ્રી જાલમસિંહ હિંમતસિંહજી જાદવ | ૧૨ |
| ૪૯. | શ્રી જીણાભાઈ દેવરાજભાઈ કણસાગરા | ૧૪ |
| ૫૦. | શ્રી જેઠાભાઈ ભુરાભાઈ રાઠોડ | ૧૪ |
| ૫૧. | શ્રી જેઠીંગભાઈ ગોવિંદભાઈ પરમાર | ૧૪ |
| ૫૨. | શ્રી જયદીપસિંહજી | ૯ |
| ૫૩. | શ્રી જયરામ આણંદભાઈ પટેલ | નાયબ મંત્રીશ્રી |
| ૫૪. | શ્રી જવાસિંહ માનસિંહ સોલંકી | ૧૪ |
| ૫૫. | શ્રી જયંતિલાલ વીરચંદ શાહ | ૧૨ |
| ૫૬. | શ્રી ઝીણાભાઈ રામસંગભાઈ વસાવા | ૧૪ |
| ૫૭. | શ્રી ઝુમખલાલ લખમીચંદ મહેતા | ૬ |
| ૫૮. | શ્રી ટિટાભાઈ મેઘજીભાઈ હઠીલા | ૧૪ |
| ૫૯. | શ્રી ઠાકોરભાઈ મણીભાઈ દેસાઈ | મંત્રીશ્રી |
| ૬૦. | શ્રી ડાહ્યાભાઈ બાવલભાઈ જાદવ | ૧૩ |
| ૬૧. | શ્રી ત્રિકમલાલ જમનાદાસ પટેલ | ૧૪ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૬૨. | શ્રી દલજિતસિહજી હિંમતસિહજી | ૧૧ |
| ૬૩. | શ્રી દલસુખભાઈ જેરામભાઈ પટેલ | ૧૪ |
| ૬૪. | શ્રી દિગ્વિજયસિહજી પ્રતાપસિહજી | ૧૪ |
| ૬૫. | શ્રી દેવજીભાઈ સદાભાઈ પરમાર | ૧૧ |
| ૬૬. | શ્રી દ્વારકાદાસ વિઠ્ઠલદાસ બારાઈ | ૧૪ |
| ૬૭. | શ્રી ધર્મસિહભાઈ ડાહ્યાભાઈ પટેલ | ૧૪ |
| ૬૮. | શ્રી ધર્મેન્દ્રસિહજી બહાદુરસિહજી રાણા | ૧૪ |
| ૬૯. | શ્રી ધીરજલાલ બકોરદાસ મહેતા | ૧૪ |
| ૭૦. | શ્રી નટવરસિંહજી કેસરીસિંહજી સોલંકી | ૧૦ |
| ૭૧. | શ્રી નરસિંહદાસ ગોરધનદાસ ગોંધિયા | ૧૪ |
| ૭૨. | શ્રી નરહરિલાલ ઈશ્વરલાલ પુરોહિત | ૧૪ |
| ૭૩. | શ્રી નરેન્દ્રસિહ અગરસિહજી ઝાલા | ૧૪ |
| ૭૪. | શ્રી નવલચંદ મોતીલાલ કંસારા | ૧૪ |
| ૭૫. | શ્રી નાગજીભાઈ ગોવિંદભાઈ આર્ય | ૧૪ |
| ૭૬. | શ્રી નાથાલાલ પ્રેમજીભાઈ પટેલ | ૧૪ |
| ૭૭. | શ્રી નારણભાઈ કાલીદાસ પટેલ | ૧૪ |
| ૭૮. | શ્રી નારણભાઈ પાલાભાઈ ગઢિયા | ૧૪ |
| ૭૯. | શ્રી નારણભાઈ શિવજીભાઈ પટેલ | ૧૪ |
| ૮૦. | શ્રીમતી નિર્મળાબહેન હાસાનંદ ગજવાણી | ૧૪ |
| ૮૧. | શ્રી પરભુભાઈ ધનાભાઈ પટેલ | ૧૪ |
| ૮૨. | શ્રી પરમાણંદદાસ જીવાભાઈ ઓઝા | નાયબ મંત્રીશ્રી |
| ૮૩. | શ્રી પરવતસિહ ધમીરસિહ પરમાર | ૧૪ |
| ૮૪. | શ્રી પરસોત્તમભાઈ ઉકેડભાઈ ભીલ | ૧૪ |
| ૮૫. | શ્રી પાલાભાઈ નારણદાસ પરમાર | ૧૪ |
| ૮૬. | શ્રી પોપટલાલ ડાહ્યાભાઈ કક્કડ | ૧૧ |
| ૮૭. | શ્રી પોપટલાલ મૂળશંકર વ્યાસ | ૯ |
| ૮૮. | શ્રી પ્રતાપરાય તારાચંદ શાહ | ૧૩ |
| ૮૯. | શ્રી પ્રભુલાલ કાનજી દવે | ૧૨ |
| ૯૦. | શ્રી પ્રવિણચંદ્રસિહજી ગંભીરસિહજી | ૧૧ |
| ૯૧. | શ્રી પ્રેમજી ભવાનજી ઠક્કર | મંત્રીશ્રી |
| ૯૨. | શ્રી ફત્તેહસિહરાવ પ્રતાપસિહરાવ ગાયકવાડ | મંત્રીશ્રી |
| ૯૩. | શ્રી ફૂલજીભાઈ ડોહજીભાઈ પટેલ | ૧૪ |
| ૯૪. | શ્રી બહાદુરભાઈ કુથાભાઈ પટેલ | ૧૪ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૯૫. | શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ | મંત્રીશ્રી |
| ૯૬. | શ્રી બાલાશંકર જેશંકર જોષી | ૧૨ |
| ૯૭. | શ્રી બાલુભાઈ હરજીભાઈ પટેલ | ૧૪ |
| ૯૮. | શ્રી બેચરભાઈ ભગવાનજી ગજેરા | ૧૪ |
| ૯૯. | શ્રી ભગવાનભાઈ કાનજીભાઈ પટેલ | ૧૩ |
| ૧૦૦. | શ્રી ભાઈજીભાઈ ગરબડભાઈ તડવી | ૧૪ |
| ૧૦૧. | શ્રી ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલ | ૯ |
| ૧૦૨. | શ્રી ભાઈલાલભાઈ મણીલાલ પટેલ | ૧૩ |
| ૧૦૩. | શ્રી ભાણજી ભીમજી પટેલ | ૧૪ |
| ૧૦૪. | શ્રી ભીમસીંગભાઈ ફોજસીંગ વસાવે | ૧૨ |
| ૧૦૫. | શ્રી ભીમસીંગભાઈ સીવાભાઈ ગામીત | ૧૪ |
| ૧૦૬. | શ્રી ભુપેન્દ્રસિંહજી ગજસિંહજી જાડેજા | ૧૩ |
| ૧૦૭. | શ્રી ભુલાભાઈ વિઠ્ઠલભાઈ પટેલ | ૧૪ |
| ૧૦૮. | શ્રી ભોગીલાલ કાનજીભાઈ પટેલ | ૧૪ |
| ૧૦૯. | શ્રી મણીભાઈ આશારામ શાહ | ૧૨ |
| ૧૧૦. | શ્રી મધુભાઈ દાદુભાઈ દેસાઈ | ૧૩ |
| ૧૧૧. | શ્રી મનહરભાઈ અમરાભાઈ ચાવડા | ૧૧ |
| ૧૧૨. | શ્રી મનહરભાઈ ચંદુલાલ શાહ | ૧૩ |
| ૧૧૩. | શ્રી મનહરલાલ તુળજાશંકર શુકલ | ૧૪ |
| ૧૧૪. | શ્રી મનુભાઈ રાજારામ પંચોળી | ૧૨ |
| ૧૧૫. | શ્રી મનુભાઈ હરિલાલ પાલખીવાલા | ૧૪ |
| ૧૧૬. | શ્રી મનોહરસિંહજી પ્રદ્યુમનસિંહજી જાડેજા | ... |
| ૧૧૭. | ડૉ. મહિપતરાય મૂળશંકર મહેતા | ૧૪ |
| ૧૧૮. | શ્રી મંગળદાસ ગોરધનદાસ પોલા | ૧૪ |
| ૧૧૯. | શ્રી માણેકભાઈ સોમાભાઈ તડવી | ૧૪ |
| ૧૨૦. | શ્રી માનાભાઈ રેવાભાઈ ભાંભી | ૧૪ |
| ૧૨૧. | શ્રી માધવલાલ ભાઈલાલ શાહ | નાયબ મંત્રીશ્રી |
| ૧૨૨. | શ્રી માધવલાલ લલ્લુભાઈ પાધ્યા | ૬ |
| ૧૨૩. | શ્રી માધવસિંહ ફૂલસિંહ સોલંકી | ૮ |
| ૧૨૪. | શ્રી માર્તંડરાય ગંગાશંકર શાસ્ત્રી | ૧૪ |
| ૧૨૫. | શ્રી મોહનલાલ ગોકળભાઈ પટેલ | ૧૪ |
| ૧૨૬. | શ્રી મોહંમદહુસેન અબ્દુલસમદ ગોલંદાઝ | ૫ |
| ૧૨૭. | શ્રી રણજિતસિંહજી ભાવસિંહજી ગોહિલ | ૧૪ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૨૮. | શ્રી રતનભાઈ ગોવિંદભાઈ ગાવિત | ૧૪ |
| ૧૨૯. | શ્રી રતિલાલ ખુશાલદાસ પટેલ | ૧૩ |
| ૧૩૦. | શ્રી રમણલાલ ધનાભાઈ પટેલ | ૧૨ |
| ૧૩૧. | શ્રી રાઘવજી થોભણભાઈ લેઉવા | અધ્યક્ષશ્રી |
| ૧૩૨. | શ્રી રામજીભાઈ રૂપાભાઈ ચૌધરી | ૧૪ |
| ૧૩૩. | શ્રી રામુભાઈ જેઠાભાઈ ભાટિયા | ૧૩ |
| ૧૩૪. | શ્રી રામુભાઈ બાલુભાઈ જાદવ | ૧૪ |
| ૧૩૫. | શ્રી રાયસિંહજી કેસરીસિંહજી જાડેજા | ૧૨ |
| ૧૩૬. | શ્રી લાલસિંહજી કિશોરસિંહજી રહેવર | ૧૪ |
| ૧૩૭. | શ્રી લીલાધર પ્રાણજીવન પટેલ | ૧૪ |
| ૧૩૮. | શ્રીમતી વસંતબહેન જયસુખભાઈ શાહ | ૧૪ |
| ૧૩૯. | શ્રી વસંતલાલ વલ્લભદાસ મહેતા | ૧૪ |
| ૧૪૦. | ડૉ. વસંતલાલ વૃજલાલ પરીખ | ૩ |
| ૧૪૧. | શ્રી વાડીલાલ લલ્લુભાઈ મહેતા | ૭ |
| ૧૪૨. | શ્રી વિજયકુમાર માધવરાય ત્રિવેદી | ૧૪ |
| ૧૪૩. | શ્રી વિજયસિંહજી ભારતસિંહજી ચૌહાણ | ૧૨ |
| ૧૪૪. | શ્રી વિનુભાઈ ભગવાનદાસ કોટડાવાલા | ૭ |
| ૧૪૫. | શ્રી વિનોદચન્દ્ર ચુનીલાલ શાહ | સંસદીય સચિવશ્રી |
| ૧૪૬. | શ્રી વીરજી ભીમજી દાફડા | ૧૪ |
| ૧૪૭. | શ્રી વિરસિંહ ભુલાભાઈ પસાયા | ૧૪ |
| ૧૪૮. | શ્રી વીરૂમલ ખુશાલદાસ તારાચંદાની | ૧૪ |
| ૧૪૯. | શ્રી શંકરભાઈ દેસાઈભાઈ વાઘેલા | ૧૪ |
| ૧૫૦. | શ્રી શંકરલાલ મોહનલાલ પટેલ | ૧૩ |
| ૧૫૧. | શ્રી શંભુભાઈ દેવજી પટેલ | ૧૪ |
| ૧૫૨. | શ્રી શામળભાઈ લલ્લુભાઈ પટેલ | ૯ |
| ૧૫૩. | શ્રીમતી શાંતાબેન ભોળાભાઈ પટેલ | ૧૪ |
| ૧૫૪. | શ્રી શાંતિલાલ રણછોડદાસ શાહ | મંત્રીશ્રી |
| ૧૫૫. | શ્રી શાંતિલાલ સ્વરૂપચંદ શાહ | નાયબ મંત્રીશ્રી |
| ૧૫૬. | શ્રી શિવભદ્રસિંહજી કૃષ્ણકુમારસિંહજી ગોહિલ | ૧૧ |
| ૧૫૭. | શ્રી શિવરાજકુમાર ખાચર | ૧૧ |
| ૧૫૮. | શ્રી સતુભાઈ દેવુભાઈ ઠાકરિયા | ૧૪ |
| ૧૫૯. | શ્રી સનતકુમાર મગનલાલ મહેતા | ૧૪ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૬૦. | શ્રીમતી સુમિત્રાબહેન હરિપ્રસાદ ભટ્ટ | ૧૪ |
| ૧૬૧. | શ્રી સુરેન્દ્રસિંહજી જોરાવરસિંહજી ઝાલા | ... |
| ૧૬૨. | શ્રી સુલેમાન યુસુફ ઉનિયા | ૧૪ |
| ૧૬૩. | ડૉ. સોમાભાઈ છક્કડભાઈ દેસાઈ | ૧૪ |
| ૧૬૪. | શ્રી હરિભાઈ રતનાભાઈ કોરિયા | ૧૪ |
| ૧૬૫. | શ્રી હિતેન્દ્રભાઈ કનૈયાલાલ દેસાઈ | મુખ્ય મંત્રીશ્રી |
| ૧૬૬. | શ્રી હિમતભાઈ મથુરભાઈ રજવાડી | નાયબ મંત્રીશ્રી |
| ૧૬૭. | શ્રી હિરૂભાઈ મૂળજીભાઈ પટેલ | ૧૧ |
| ૧૬૮. | શ્રીમતી હીરાબેન લાલચંદ નીનામા | ૧૪ |

## પત્રક ક્રમાંક ૨.

### તારીખવાર હાજરી બતાવતું પત્રક

(અધ્યક્ષ, મંત્રી, નાયબ મંત્રી અને સંસદીય સચિવ સિવાય)

| તારીખ<br>૧ | હાજર<br>૨ | ગેરહાજર<br>૩ | કુલ સંખ્યા<br>૪ |
|---|---|---|---|
| ૨૬-- ૮--૬૮ | ૧૩૭ | ૧૨ | ૧૪૯ |
| ૨૮-- ૮--૬૮ | ૧૨૭ | ૨૨ | ૧૪૯ |
| ૨૯-- ૮--૬૮ | ૧૨૫ | ૨૪ | ૧૪૯ |
| ૨-- ૯--૬૮ | ૧૩૬ | ૧૩ | ૧૪૯ |
| ૩-- ૯--૬૮ | ૧૩૦ | ૧૯ | ૧૪૯ |
| ૪-- ૯--૬૮ | ૧૨૬ | ૨૩ | ૧૪૯ |
| ૫-- ૯--૬૮ | ૧૩૧ | ૧૮ | ૧૪૯ |
| ૬-- ૯--૬૮ | ૧૩૮ | ૧૧ | ૧૪૯ |
| ૯-- ૯--૬૮ | ૧૨૮ | ૨૧ | ૧૪૯ |
| ૧૦-- ૯--૬૮ | ૧૩૬ | ૧૩ | ૧૪૯ |
| ૧૧-- ૯--૬૮ | ૧૪૧ | ૮ | ૧૪૯ |
| ૧૨-- ૯--૬૮ | ૧૪૦ | ૯ | ૧૪૯ |
| ૧૩-- ૯--૬૮ | ૧૩૯ | ૧૦ | ૧૪૯ |
| ૧૪--૯ --૬૮ | ૧૩૭ | ૧૨ | ૧૪૯ |

## પત્રક ક્રમાંક—૩.

## અધિવેશન દરમિયાન ગુજરાત વિધાનસભામાં રોજે રોજ થયેલા કામકાજનો સારાંશ

### સોમવાર, તા. ૨૬મી ઓગસ્ટ, ૧૯૬૮.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર વિધાનસભાના અને ભૂતપૂર્વ મુંબઈ વિધાન પરિષદના સભ્ય, શ્રી લાભશંકર દેવશંકર આચાર્યના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો થયા અને સદ્‌ગતને સ્મરણાંજલિ આપવામાં આવી.

૩. મુખ્ય મંત્રીશ્રીએ અધ્યક્ષશ્રીની પરવાનગીથી, ગુજરાતમાં કેટલાંક સ્થળોએ આવેલાં પૂર અંગે નિવેદન કર્યું.

પૂરમાં જેમણે જાન ગુમાવ્યા છે તેમને અંજલિ આપવા સભાગૃહના સભ્યોએ ઊભા થઈને બે મિનિટ મૌન પાળ્યું.

સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા.

૪. નાણાં મંત્રીશ્રીએ સન ૧૯૬૮-૬૯ના વર્ષ માટેના ખર્ચનું પૂરક રજૂ કર્યું.

અધ્યક્ષશ્રીએ કાપદરખાસ્તની સૂચના સભ્યોએ મોડામાં મોડી ક્યારે આપવી તે અંગેની જાહેરાત કરી.

૫. વાહન વ્યવહાર મંત્રીશ્રીએ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોરપોરેશનના સન ૧૯૬૭-૬૮ના સુધારેલા અંદાજ અને સન ૧૯૬૮-૬૯ના અંદાજ વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

૬. વાહન વ્યવહાર મંત્રીશ્રીએ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશનનો સન ૧૯૬૬-૬૭નો વહીવટી અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

૭. વાહન વ્યવહાર મંત્રીશ્રીએ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશનના સન ૧૯૬૬-૬૭ના વાર્ષિક હિસાબો અને તે પરનો ઓડિટ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

૮. ઉદ્યોગ મંત્રીશ્રીએ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનું સન ૧૯૬૮-૬૯નું અંદાજપત્ર વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

૯. સચિવશ્રીએ જે વિધેયકોને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી હતી તેવાં ત્રણ વિધેયકોના અને જે વિધેયકોને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી હતી તેવાં બે વિધેયકોનાં નામ વાંચી સંભળાવ્યાં.

૧૦. વિદ્યુત મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત વિદ્યુત બોર્ડનું સન ૧૯૬૮–૬૯ના વર્ષ માટેનું વાર્ષિક નાણાકીય વિવરણપત્રક (અંદાજ) વિચારણામાં લેવામાં આવે. ચર્ચા શરૂ થઈ.

૧૧. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે વિ. સ. સ. શ્રી માણેકલાલ તડવીએ તેમને અગાઉ સમાચાર આપ્યા હતા કે તેઓ સ્વતંત્ર પક્ષમાંથી છૂટા થઈ કોંગ્રેસ પક્ષમાં જોડાયા છે પરંતુ શ્રી તડવીએ તેમને ફરીથી સમાચાર આપ્યા છે કે તેઓ કોંગ્રેસ પક્ષમાંથી ફરીથી સ્વતંત્ર પક્ષમાં જોડાયા છે.

૧૨. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે આજરોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિએ એવો નિર્ણય લીધો છે કે ગુજરાત વિદ્યુત બોર્ડના વાર્ષિક નાણાકીય વિવરણપત્રક પરની ચર્ચા માટે આજે વિશ્રાંતિ પછીનો બધો સમય ફાળવવો. તેમણે વધુમાં જણાવ્યું કે કામકાજ સલાહકાર સમિતિની સંપૂર્ણ ભલામણો ગૃહ સમક્ષ રજૂ કરવામાં થોડો સમય લાગે તેમ હોવાથી આ નિર્ણયની જાણ તેમણે ગૃહને કરી છે.

૧૩. ગુજરાત વિદ્યુત બોર્ડના વાર્ષિક નાણાકીય વિવરણ પત્રક પરની ચર્ચા આગળ ચાલી. ચર્ચાનો જવાબ વિદ્યુત મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૧૪. તારીખ ૨૬મી ઓગષ્ટ ૧૯૬૮ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો ગૃહે મંજૂર કરી.

### બુધવાર, તા. ૨૮મી ઓગસ્ટ, ૧૯૬૮.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. નાણાં મંત્રીશ્રીએ જેને માટે પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી નથી તેવી તારીખ ૨૬મી ઓગષ્ટ, ૧૯૬૮ સુધી આકસ્મિક ફંડમાંથી મંજૂર કરાયેલ પેશગીઓ દર્શાવતું પત્રક સભાગૃહના મેજ ઉપર મૂક્યું.

૩. વાહન વ્યવહાર મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશનનું સન ૧૯૬૬–૬૭નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. ચર્ચા શરૂ થઈ. ચર્ચાનો જવાબ વાહન વ્યવહાર મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

### ગુરુવાર, તા. ૨૯મી ઓગષ્ટ, ૧૯૬૮.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. મહેસૂલ મંત્રીશ્રીએ સન ૧૯૬૮નો મુંબઈ તાલુકાદારી સત્તા પ્રકાર નાબૂદી (સુધારો) વટહુકમ (ગુજરાતનો સન ૧૯૬૮નો વટહુકમ ક્રમાંક-૧) વિધાનસભાના મેજ ઉપર મૂક્યો.

૩. કામદાર મંત્રીશ્રીએ સન ૧૯૬૮નો મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત સુધારા) વટહુકમ (ગુજરાતનો સન ૧૯૬૮નો વટહુકમ ક્રમાંક-૨) વિધાનસભાના મેજ ઉપર મૂક્યો.

૪. નીચે જણાવેલા સરકારી વિધેયકો પસાર કરવામાં આવ્યા :—

(૧) સન ૧૯૬૭નું વિધાન સભા વિધેયક ક્રમાંક-૧૦ સન ૧૯૬૭નું ગુજરાત નર્સ, મિડવાઈફ અને આરોગ્ય તપાસનીસ વિધેયક.

(૨) સન ૧૯૬૮નું વિધાન સભા વિધેયક ક્રમાંક--૭ સન ૧૯૬૮નું રૂ લોઢવા અને રૂની ગાંસડી બાંધવાના કારખાનાં બાબતનું (ગુજરાત એકીકરણ અને સુધારા) વિધેયક.

(૩) સન ૧૯૬૮નું વિધાન સભા વિધેયક ક્રમાંક--૧૧ સન ૧૯૬૮નું મુંબઈ ગણોત હક અને ખેતી જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ વિસ્તાર) (ગુજરાત સુધારા) વિધેયક.

(૪) સન ૧૯૬૮નું વિધાન સભા વિધેયક ક્રમાંક--૩૨ સન ૧૯૬૮નું મુંબઈ તાલુકાદારી સત્તા પ્રકાર નાબૂદી (ગુજરાત સુધારા) વિધેયક.

(૫) સન ૧૯૬૮નું વિધાન સભા વિધેયક ક્રમાંક-૧૩ સન ૧૯૬૮નું મુંબઈ વીજળીવેરા (સુધારા) વિધેયક દાખલ કરવામાં આવ્યું.

૫. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે તારીખ ૨૬મી ઓગષ્ટ ૧૯૬૮ના રોજ મુખ્ય મંત્રીશ્રીએ પૂર અંગે જે નિવેદન કર્યું હતું તે અંગે નિયમ--૧૦૫ અન્વયેની એક સૂચનાને તેમને મંજૂરી આપી છે, તેની ચર્ચા સોમવાર, તારીખ ૨જી સપ્ટેમ્બર ૧૯૬૮ના રોજ લેવામાં આવશે અને તેને માટે આખો દિવસ ફાળવવામાં આવ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું કે તે દિવસે પ્રશ્નોત્તરી રાખવામાં આવી નથી.

## સોમવાર, તારીખ ૨જી, સપ્ટેમ્બર, ૧૯૬૮.

૧. અંદાજ સમિતિના પ્રમુખ, શ્રી કાંતિલાલ ઘીયાએ અંદાજ સમિતિના પાંચમા અને છઠ્ઠા અહેવાલો રજૂ કર્યા.

૨. નિયમો માટેની સમિતિના પ્રમુખ અને અધ્યક્ષશ્રીએ સમિતિનો પહેલો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકયો.

૩. વિ. સ. સ. શ્રી ઈન્દુભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે તાજેતરમાં રાજ્યના કેટલાક વિસ્તારોમાં જુદી જુદી નદીઓમાં આવેલાં પૂરને કારણે ઉપસ્થિત થયેલી પરિસ્થિતિ ઉપર માનનીય મુખ્ય મંત્રીશ્રીએ તારીખ ૨૬મી ઓગષ્ટ ૧૯૬૮ના રોજ કરેલ નિવેદન ઉપર ચર્ચા કરવામાં આવે.

વિ. સ. સ. શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે તેમણે આ જ વિષયને લગતા એક પ્રસ્તાવ માટે ઘણા વખત પહેલા સૂચના આપેલી પરંતુ અન્ય નિયમો હેઠળ એ બાબતની ચર્ચા કરવાનો અવકાશ હોવાથી નિયમ ૧૦૫ હેઠળ તે પ્રસ્તાવ રજૂ કરવાની તેમને મંજૂરી આપવામાં આવી ન હતી અને વિનંતી કરી કે તેમના નિયમ-૧૦૫ હેઠળના પ્રસ્તાવને અગ્રતા આપવી જોઈએ.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે તેમનો પ્રસ્તાવ પૂરથી ઉપસ્થિત થતી પરિસ્થિતિ માટે ચર્ચા કરવા માટેનો હતો. પરંતુ તાજેતરમાં બનેલા અંગેની ચર્ચા નિયમ-૧૧૨ અન્વયે જ કરી શકાય અને તેથી તેમનો પ્રસ્તાવ નામંજૂર કરવામાં આવ્યો હતો. પરંતુ મુખ્ય મંત્રીશ્રીએ તારીખ ૨૬મીના રોજ જે નિવેદન કર્યું તેમાં જે મુદ્દાઓ રજૂ કર્યા તે મુદ્દાઓ અને તે મુદ્દાઓમાંથી ઉપસ્થિત થતી પરિસ્થિતિ અંગે જો કંઈ પણ ચર્ચા કરવી હોય તો તે ચર્ચા નિયમ ૧૧૨ નીચે કરી શકાય નહિ. આવી ચર્ચા માટે નિયમોમાં કોઈ ખાસ જોગવાઈ ન હોવાથી તે નિયમ ૧૦૫ નીચે જ કરી શકાય. શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ જ્યારે તેમના પ્રસ્તાવની સૂચના આપેલી ત્યારે તેવી પરિસ્થિતિ ન હતી. જો તેમણે માનનીય મુખ્ય મંત્રીશ્રીના નિવેદન ઉપરની ચર્ચા અંગેના પ્રસ્તાવની સૂચના આપી હોત તો કદાચ મુશ્કેલી ન પડત પરંતુ તેમ કરવામાં આવેલ ન હોવાથી તેમના પ્રસ્તાવને અગ્રતા આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વિ. સ. સ. શ્રી દ્વારકાદાસ બારાઈએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે નિયમ ૧૦૫ મુજબ તે નિયમ હેઠળના પ્રસ્તાવની નોટિસ સાત દિવસની હોવી જોઈએ, તેથી નોટિસ વેવ કરવાની જરૂર રહે છે. અધ્યક્ષશ્રીને જણાવ્યું કે તેમણે આ બાબતમાં નોટિસ વેવ કરી છે.

ત્યારપછી પ્રસ્તાવ પર ચર્ચા થઈ. ચર્ચા દરમિયાન વિધાન સભાના સદસ્ય, શ્રી લીલાધર પટેલે તેમના વકતવ્ય દરમિયાન કરેલા આક્ષેપો અંગે સંસદીય બાબતો અંગેના મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે અંગત ખુલાસો કર્યો. ત્યારપછી અધ્યક્ષશ્રીએ મંજૂરી ન આપવા છતાં વિધાન સભા સદસ્ય શ્રી લીલાધર પટેલે તે અંગે જે વકતવ્ય કર્યું તે વકતવ્ય અધ્યક્ષશ્રીએ સભાગૃહની કાર્યવાહીમાંથી રદ કરવાનો હુકમ કર્યો.

ચર્ચા દરમિયાન વિધાન સભા સદસ્ય ડૉ. મનહરલાલ શાહે તેમને બોલવાનો અવકાશ મળયો ન હોવાથી સભાગૃહનો ત્યાગ કર્યો.

ત્યારપછી વિરોધ પક્ષના કેટલાક સભ્યોએ સભાત્યાગ કર્યો. ચર્ચાનો જવાબ મહેસૂલ મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૪. નાણા મંત્રીશ્રીએ જાહેર કર્યું કે રાજ્ય સરકારે જે રૂપિયા પોણા બાર કરોડની લોન તરતી મૂકી હતી તે એક જ દિવસમાં ભરાઈ ગઈ હતી અને તેથી તે બંધ કરવામાં આવી હતી.

૫. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે જે સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો હોય તેમણે મંત્રીશ્રીઓ ચર્ચાનો ઉત્તર આપતા હોય ત્યારે સભાગૃહમાં હાજર રહેવું જોઈએ.

**મંગળવાર, તા. ૩જી સપ્ટેમ્બર, ૧૯૬૮.**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. વિ. સ. સ., શ્રી લીલાધર પટેલે નિયમ-૧૧૬ અન્વયે, કોલસા તથા પીગ આર્યનની તંગીને કારણે સૌરાષ્ટ વિભાગના રાજકોટ, જામનગર વગેરે શહેરોમાં મુશ્કેલીમાં મુકાયેલા એન્જિનિયરિંગ ઉદ્યોગ અને ખાસ કરીને કોલસાની તંગીને કારણે જામનગરમાં બ્રાસના ભાગો બનાવતાં લગભગ ૨૫૦ કારખાનાં બંધ પડવાનો ઉભો થયેલો ભય અને તે નિવારવા રાજ્ય સરકારે કરેલા પ્રયત્નો અંગે ઉદ્યોગ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

ઉદ્યોગ મંત્રીશ્રીએ તેમનું નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછ્યા અને મંત્રીશ્રીએ તેના જવાબો આપ્યા.

૩. બિનસરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રી ગંગારામ રાવળે સમિતિનો આઠમો અહેવાલ રજૂ કર્યો અને મજકૂર અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો માન્ય રાખવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો. સભાગૃહે અહેવાલનો સ્વીકાર કર્યો.

**૪. સરકારી વિધેયકો.**

(૧) સન ૧૯૬૮ના વિ. સ. વિધેયક ક્રમાંક-૧૩-સન ૧૯૬૮ના મુંબઈ વીજળી વેરો (સુધારા) વિધેયકના વાચનનો પ્રસ્તાવ રજૂ થયા પહેલાં વિ. સ. સ., શ્રી સનત મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે આ વિધેયક દાખલ કરવા અંગે રાજ્યપાલશ્રીની ભલામણ જરૂરી છે અને મંત્રીશ્રીએ વિધેયક ગઈ વખતે દાખલ કર્યું ત્યારે તે જાહેર કરવામાં આવી નથી. અધ્યક્ષશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કરતાં જણાવ્યું કે તા. ૨૯-૮-૧૯૬૮ના રોજ વિધેયક દાખલ કરતી વખતે રાજ્યપાલશ્રીની ભલામણ મંત્રીશ્રીએ વાંચી સંભળાવી હતી.

વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે આ વિધેયકની સાથે નાણાકીય યાદી રજૂ કરવામાં આવી ન હોવાથી વિધેયકની ચર્ચા થઈ શકે નહીં. વિદ્યુત મંત્રીશ્રીએ તે બાબતમાં ખુલાસો કર્યો કે આ વિધેયકથી કોઈ વધારાનો સ્ટાફ નીમવાનો નથી અને તેથીકંઈ વધુ ખર્ચ થવાનો નથી. ત્યારબાદ અધ્યક્ષશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો. ત્યારપછી વિધેયકના પહેલા વાંચન પરની ચર્ચા શરૂ થઈ.

ચર્ચા દરમિયાન, વિ. સ. સ. શ્રી મનુભાઈ હ. પાલખીવાળાની, તેમને બોલવા માટે વધુ સમય આપવાની, માંગણી મંજૂર ન થતાં તેમણે સભાત્યાગ કર્યો.

વિ. સ. સ., શ્રી છબીલદાસ મહેતાએ આ પ્રશ્ન મત ઉપર મૂકી પહેલા વાચન પરની ચર્ચા બંધ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો. ચર્ચાનો જવાબ વિદ્યુત મંત્રીશ્રીએ આપ્યો. ત્યારપછી વિધેયકનું પહેલું વાચન કરવામાં આવ્યું. ત્યારબાદ મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આ વિધેયકનું બીજું વાચન તા. ૧૩--૯--૧૯૬૮ના રોજ કરવામાં આવે તે પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો.

(૨) નીચે જણાવેલ સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું.

સન ૧૯૬૮નું વિ. સ. વિધેયક ક્રમાંક--૧૫-સન ૧૯૬૮નું સૌરાષ્ટ્રનું યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

૫. તા. ૪--૯--૬૮ના રોજ પૂરક માગણીઓની થનારી ચર્ચા અંગે અધ્યક્ષશ્રીએ ગૃહને માર્ગદર્શન આપ્યું. કૉંગ્રેસપક્ષના દંડક શ્રી ઈન્દુભાઈ પટેલ, તેમજ વિરોધ પક્ષના દંડક શ્રી ઉદેસિંહ વડોદિયાએ એ અંગે તેમનાં મંતવ્યો રજૂ કર્યા.

## બુધવાર, તા. ૪થી સપ્ટેમ્બર, ૧૯૬૮.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. મહેસૂલ મંત્રી શ્રી પ્રેમજીભાઈ ઠક્કરે પૂરક માગણીઓની વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવી. હિસાબના મુખ્ય સદર "૫૩-બંદરો અને બંદર વિષયક માર્ગદર્શન (બાંધકામ વિભાગ)" અને "૬૪-દુષ્કાળ રાહત (મહેસૂલ વિભાગ)" અન્વયેની પૂરક માગણીઓ રજૂ થઈ. મજકૂર પૂરક માગણીઓ પર સભ્યો તરફથી કુલ ૬ કાપ દરખાસ્તો રજૂ થયેલી અધ્યક્ષશ્રીએ જાહેર કરી. કાપ દરખાસ્તો અને માગણીઓ પર એક સાથે ચર્ચા થઈ. ચર્ચા બાદ કાપદરખાસ્તો પર મત લેવાતાં તે નામંજૂર થઈ ત્યારબાદ પૂરક માગણીઓ મંજૂર કરવામાં આવી.

ત્યારપછી પૂરક માંગણીઓ ક્રમાંક ૩૨, ૩૩, ૫૩, ૫૪, ૫૫, ૯૬ અને ૭૧ એક પછી એક મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

૩. વિ. સ. સ., શ્રી ધર્મેન્દ્રસિંહજી રાણાએ વિ. સ. સ., શ્રી દિગ્વિજયસિંહજી પ્રતાપસિંહજીના પ્રશ્ન ક્રમાંક ૧૦૨૮૭ના સભાગૃહમાં તા. ૨૬-૮-૧૯૬૮ના રોજ સરકારે આપેલા જવાબમાંથી ઉપસ્થિત થતી પરિસ્થિતિ અંગે સાંજના ૫--૧૦ વાગ્યે અર્ધા કલાકની ચર્ચા શરૂ કરી અને તે બાબતમાં તેમનાં મંતવ્યો રજૂ કર્યા.

ચર્ચાનો જવાબ જંગલ વિભાગના નાયબ મંત્રીશ્રીએ આપ્યો. સભ્યોએ ચર્ચામાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછ્યા અને નાયબ મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા. અર્ધા કલાક બાદ ચર્ચા બંધ કરવામાં આવી.

### ગુરૂવાર, તા. ૫મી સપ્ટેમ્બર, ૧૯૬૮.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. તા. ૪-૯-૧૯૬૮ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો અધ્યક્ષશ્રીએ વાંચી સંભળાવી. સંસદીય બાબતોના મંત્રીશ્રીએ મજકૂર સમિતિની ભલામણો માન્ય રાખવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો.

વિ. સ. સ. શ્રી છબીલદાસ મહેતાએ સમિતિની ભલામણો અંગે જણાવ્યું કે એક દિવસે બે બેઠકો રાખવામાં આવી છે અને તે દિવસે બન્ને બેઠકોમાં મહત્ત્વની ચર્ચા છે અને તે રીતે ઉતાવળે કામ કરવામાં સભ્યોને કામનો બોજો સખત રહેતો હોવાથી એક દિવસે બે બેઠકો રાખવી હિતાવહ નથી અને વિનંતી કરી કે જો વિધેયકોની ચર્ચા માટે ફાળવેલા સમયે ચર્ચા પૂરી થઈ ન શકે તો વધારે સમય આપવો.

વિ. સ. સ, શ્રી મનુભાઈ પાલખીવાળાએ જણાવ્યું કે વિધેયકોની ચર્ચા ઉપર જે સમય મર્યાદા મૂકવામાં આવે છે તે યોગ્ય નથી.

બીજા સભ્યોનાં મંતવ્યો સાંભળ્યા બાદ, અધ્યક્ષશ્રીએ આ બાબત સ્પષ્ટીકરણ કર્યું કે નિયમ ૩૩ અન્વયે કોઈપણ વિષય ઉપરની ચર્ચા દરમિયાન સભ્યોનાં પ્રવચન ઉપર અધ્યક્ષ મર્યાદા મૂકી શકે છે, છતાં સામાન્ય રીતે વિધેયકોની ચર્ચા દરમિયાન તેવી મર્યાદા મૂકવામાં આવતી નથી અને જરૂર પડે તો વધુ સમય આપવામાં આવે છે. ત્યારબાદ શ્રી ગૌરીશંકર પાઠકે તેમનાં મંતવ્યો રજૂ કર્યા.

ત્યારબાદ શ્રી મનુભાઈ પાલખીવાળાએ નિયમ ૧૯૩ અન્વયે પ્રસ્તાવ પર સુધારો રજૂ કર્યો કે વિધેયકને ફાળવેલા સમય અંગે પુનર્વિચારણા કરવા માટે આ પ્રસ્તાવ કામકાજ સલાહકાર સમિતિને પાછો સોંપવામાં આવે. સુધારા પર ચર્ચા શરૂ થઇ. ચર્ચા બાદ સુધારો મત માટે મૂકવામાં આવતાં, વિ.સ.સ., શ્રી મનુભાઈ પાલખીવાળાએ વિભાજનની માગણી કરી જે સ્વીકારવામાં આવી. પ્રસ્તાવની તરફેણમાં ૪૪ અને વિરુદ્ધમાં ૭૬ મત પડતાં સુધારાનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તે સ્વીકારવામાં આવ્યો.

૩. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન બીજા અને છેલ્લા દિવસે ચાલુ રહ્યું. હિસાબના મુખ્ય સદર "૪૨--બહુલક્ષી નદી યોજનાઓ" "૪૩-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ (વાણિજ્યિક) અને "૪૪-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ (બિન-વાણિજ્યિક) (બાંધકામ વિભાગ)" અન્વયેની પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી.

અધ્યક્ષશ્રીએ મજકૂર પૂરક માગણી પર કુલ ૪ કાપદરખાસ્તો રજૂ થયેલી જાહેર કરી. ત્યારપછી કાપદરખાસ્તો અને માગણી પર એક સાથે ચર્ચા શરૂ થઈ. ચર્ચા બાદ કાપદરખાસ્તો પર મત લેવાતાં તે નામંજૂર થઈ. ત્યારબાદ પૂરક માગણી મંજૂર કરવામાં આવી.

હિસાબના મુખ્ય સદર "૫૦--રાજ્ય બાંધકામ (બાંધકામ વિભાગ)" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ.

અધ્યક્ષશ્રીએ મજકૂર પૂરક માગણી પર કુલ ૬ કાપદરખાસ્તો રજૂ થયેલી જાહેર કરી. કાપદરખાસ્તો અને પૂરક માગણી પર એક સાથે ચર્ચા શરૂ થઈ. ચર્ચા બાદ કાપદરખાસ્તો પર મત લેવાતાં તે નામંજૂર થઈ. ત્યારબાદ પૂરક માગણી મંજૂર કરવામાં આવી.

ચર્ચા દરમિયાન વિ. સ. સ. શ્રી લીલાધર પટેલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવતાં જણાવ્યું કે પૂરક માગણીઓના પત્રકમાં ગૃહ ખાતાની માગણીઓ જે ક્રમમાં આપવામાં આવી છે તે જ ક્રમમાં સભાગૃહમાં લેવાવી જોઈએ. મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે એ બાબત દંડકો ચર્ચા કરીને નક્કી કરતા હોય છે. અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો કે બંને પક્ષો સંમત થાય તે સિવાય માગણીઓનો ક્રમ બદલવો જોઈએ નહિ અને ભવિષ્યમાં લાગતાવળગતા બધાએ આની કાળજી રાખવી.

૪. સાંજે ૪-૦૦ વાગ્યા હોવાથી સન ૧૯૬૮-૬૯ના વર્ષ માટેની બાકીની બધી પૂરક માગણીઓ એક પછી એક મત માટે મૂકવામાં આવી અને તે કોઈપણ જાતની ચર્ચા વગર મંજૂર કરવામાં આવી.

### શુક્રવાર, તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૬૮.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. વિ. સ. સ. શ્રી સનતકુમાર મહેતાએ નિયમ-૧૧૬ અન્વયે સૌરાષ્ટ્રમાં ભેળસેળવાળું થોકબંધ ખાતર વેચાણું તેનાથી ખેતી અને ખેડૂતોને પારાવાર નુકસાન થયું

તે સંબંધમાં સરકારે લીધેલાં પગલાં બાબત ખેતીવાડી વિભાગના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

ખેતીવાડી વિભાગના નાયબ મંત્રીશ્રીએ તેમનું નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદન-માંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછ્યા અને નાયબ મંત્રીશ્રીએ તેના જવાબો આપ્યા.

૩. વિશેષાધિકાર સમિતિના સભ્ય, શ્રી ગૌરીશંકર પાઠકે સમિતિના ત્રીજા અને ચોથા અહેવાલો રજૂ કર્યા.

૪. (૧) વિધાન સભાના સભ્ય, શ્રી રામજીભાઈ રૂ. ચૌધરીએ સંકલ્પ રજૂ કર્યો કે "ગુજરાતમાં ગણોતિયા ખેડૂતોને રક્ષણ આપવા માટે સરકારે ગણોતધારો અમલમાં મૂકેલો હોવા છતાં તેનો પૂરેપૂરો અમલ થતો નથી. એટલું જ નહિ પણ ગણોતધારાના અમલ પછી હજારો ખેડૂતો પાસેથી જમીન માલિકોએ જમીન પડાવી છે એમ આ વિધાનસભાગૃહ માને છે.

ગણોતધારાનો અમલ પૂરેપૂરો થવો જોઈએ એમ આ વિધાનસભા ગૃહ માને છે અને તેથી આ ધારામાં જાત ખેડ અંગેની જોગવાઈઓમાં ક્યાં ખામી છે તેની તપાસ કરવા અને જરૂરી સુધારા કરવાની વિચારણા કરી ભલામણ કરવા વિધાનસભાગૃહની એક ઉચ્ચ કક્ષાની સમિતિ નીમવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે." સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચા બાદ સભાગૃહની પરવાનગીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

(૨) વિધાન સભાના સભ્ય, શ્રી ટીટાભાઈ હઠીલાનો સંકલ્પ સભ્યશ્રીની ગેર-હાજરીને કારણે ચર્ચા માટે લઈ શકાયો નહિ.

(૩) વિધાન સભાના સભ્ય, શ્રી દલજીતસિંહજીએ સંકલ્પ રજૂ કર્યો કે:—

"This House recommends to the Gujarat Government to take immediate steps to introduce the system of ombudsmen (Lokpals) in order to protect the people from corrupt elements in the Government."

સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચા બાદ, સંકલ્પ મત માટે મૂકવામાં આવતાં વિધાન સભાના સભ્ય, શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ વિભાજનની માગણી કરી જે સ્વીકારવામાં આવી. પ્રસ્તાવની તરફેણમાં ૩૬ અને વિરુધ્ધમાં ૬૨ મત પડતાં સંકલ્પ નામંજૂર કરવામાં આવ્યો.

(૪) વિધાન સભાના સભ્ય, શ્રી ધર્મસિંહભાઈ પટેલે સંકલ્પ રજૂ કર્યો કે જૂનાગઢ જિલ્લાના ઘણાખરા તાલુકા/મહાલોમાં ચોમાસામાં ચાર પાંચ મહિનાઓ દરમ્યાન સારા રસ્તાઓના અભાવે વાહનવ્યવહાર બંધ રહે છે. આ પરિસ્થિતિનું નિવારણ કરવા માટે

જૂનાગઢ જિલ્લાના અને ખાસ કરીને ઘેડ વિભાગમાં તથા કેશોદ-મેંદરડા તાલુકામાં પાકા રસ્તાઓ બનાવવા, અધૂરા રસ્તાઓ પૂરા કરવા અને ખૂટતા પુલો બનાવવાના કામને અગ્રતા આપવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચા બાદ સભાગૃહની પરવાનગીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

(૫) વિ. સ. સ., શ્રી વીરસિંહ પસાયાનો સંકલ્પ સભ્યશ્રીની ગેરહાજરીને કારણે ચર્ચા માટે લઈ શકાયો નહિ.

(૬) વિ. સ. સ., શ્રી નરહરિલાલ પુરોહિતે સંકલ્પ રજૂ કર્યો કે ખેત ઉત્પાદનમાં અવરોધકારક ખેડૂતોને આર્થિક રીતે નુકસાનકારક અને મુકત ખેતીના કાર્યમાં બાધક એવી મગફળીના તેલની તથા ડાંગર (ક્મોદ) ની કોઈપણ પ્રકારની ફરજિયાત લેવી પ્રથા ન રાખવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચા બાદ સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.

## સોમવાર, તા. ૯મી સપ્ટેમ્બર, ૧૯૬૮.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે વિ. સ. સ. શ્રી હરિભાઈ ડોરિયાએ તેમને પત્ર લખીને જણાવ્યું છે કે તેઓ કોંગ્રેસ પક્ષમાંથી છૂટા થઈ સ્વતંત્ર પક્ષમાં જોડાયા છે અને વિનંતી કરી છે કે વિરોધ પક્ષની પાટલી પર બેસવા માટે તેમના માટે વ્યવસ્થા કરવામાં આવે.

૩. નાણાં મંત્રીશ્રીએ ગુજરાત સ્ટેટ ફાઈનેન્સિયલ કોર્પોરેશનનો સન ૧૯૬૭--૬૮નો વાર્ષિક અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

૪. નીચે જણાવેલાં સરકારી વિધેયકો પસાર કરવામાં આવ્યાં.

(૧) સન ૧૯૬૮નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક.

પૂરક વિનિયોગ વિધેયક પરની ચર્ચા દરમિયાન વિ. સ. સ., શ્રી છબીલદાસ મહેતા પ્રવચન કરતા હતા ત્યારે અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સભ્યશ્રી કયા મુદ્દા પર ચર્ચા કરવાના છે તે મુદ્દો તેમણે અગાઉથી અધ્યક્ષશ્રીને જણાવ્યો નથી અને તેથી તેમને બોલવા દેવાથી ખોટા દાખલા પડશે છતાં સભ્યશ્રીએ બોલવાનો આગ્રહ રાખતાં, અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીને થોડું બોલીને તેમનું પ્રવચન પૂરું કરવાની વિનંતી કરી.

આ તબકકે વિ. સ. સ., શ્રી લીલાધર પટેલે રજૂઆત કરી કે અધ્યક્ષશ્રીએ જે બોલવાની છૂટ આપી છે એ તેમનું રૂલિંગ છે કે કેમ.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે નિર્ણય આપવાનો હોય તો તેમનો નિર્ણય છે કે સભ્યશ્રીએ મુદ્દો જણાવ્યો નહિ હોવાથી તેઓ ચર્ચા કરી શકતા નથી.

આ નિર્ણયના અનુસંધાનમાં વિ. સ. સ., શ્રી છબીલદાસ મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવતાં જણાવ્યું કે ગીલોટિન થયેલી માગણીઓ સંબંધી સભ્યોએ વિનિયોગ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવાની નોટિસ આપી હોય અને તે અધ્યક્ષશ્રી તરફથી મંજૂર કરવામાં આવી છે કે નહિ તેની સભ્યોને ખબર આપવામાં આવી ન હોય અને સભ્યો તે મંજૂર કરવામાં આવી છે તેમ માનીને ચાલે ત્યારે તે સંબંધમાં વિ. સ. સ., શ્રી લીલાધર પટેલે જે મુદ્દો ઉઠાવ્યો છે તે ઉઠાવી શકાય કે કેમ અને તે અંગે તેમણે અધ્યક્ષશ્રીનો નિર્ણય માગ્યો.

અધ્યક્ષશ્રીએ તેમનો નિર્ણય આપતાં જણાવ્યું કે આ સભાગૃહ બહાર (ચેમ્બરમાં) અધ્યક્ષશ્રીએ જે નિર્ણય આપ્યો હોય તે ક્યારેક અપૂરતી માહિતી પર અપાયો હોય ત્યારે પૂરતી માહિતી રજૂ કરી તે બાબતમાં સભ્યશ્રીઓને ગૃહમાં પોઈન્ટ ઓફ ઓર્ડર રજૂ કરવાનો અધિકાર ચાલુ રહે છે અને તેવા સંજોગોમાં પૂરતી માહિતી મેળવ્યા પછી અધ્યક્ષે સભાગૃહમાં લીધેલો નિર્ણય જ ગૃહને બંધનકર્તા રહે.

(૨) સન ૧૯૬૮નું વિ. સ. વિધેયક ક્રમાંક--૩૭ સન ૧૯૬૮નું ગુજરાત વિધાનસભાના સભ્યોના પગાર તથા ભથ્થાં (સુધારા) વિધેયક.

**મંગળવાર, તા. ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૬૮**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. વિ. સ. સ., શ્રી લાલસિંહ રહેવર, શ્રી મણિભાઈ કીશાભાઈ પટેલ તથા અન્ય ૩૦ વ્યક્તિઓની ધનસુરા, માલપુરા રસ્તામાં માઈલ નં. ૫ થી ૯ની લાઈન દોરી બાબતની અરજીની રજૂઆત કરી. અધ્યક્ષશ્રીએ મજકૂર અરજી, અરજી સમિતિને સોંપી.

૩. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રી ગંગારામ રાવલે સમિતિનો નવમો અહેવાલ રજૂ કર્યો અને અહેવાલ સ્વીકારવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો. સભાગૃહે અહેવાલનો સ્વીકાર કર્યો.

૪. (૧) વિ. સ. સ., શ્રી નાગજીભાઈ આર્ય, નિયમ ૧૮૭ અન્વયે, પૂર નિયંત્રણના વિષયમાં તલસ્પર્શી અભ્યાસ અને તપાસ કરીને તે બાબતમાં અહેવાલ સાદર કરવા માટે સમિતિ નીમવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો, પ્રસ્તાવ પર ચર્ચા થઈ. ત્યારપછી, ગૃહની પરવાનગીથી પ્રસ્તાવ પાછો ખેંચી લેવામાં આવ્યો.

(૨) વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાનો, નિયમ ૧૮૭ અન્વયેનો, પ્રસ્તાવ સભ્યશ્રીની ગેરહાજરીને કારણે ચર્ચા માટે લઈ શકાયો નહિ.

(૩) વિ. સ. સ., શ્રી ધર્મસિંહભાઈ પટેલે, નિયમ ૧૮૭ અન્વયેનો, કચ્છ સૌરાષ્ટ્ર વિભાગમાં ગુજરાત વિભાગની સરખામણીમાં રસ્તાઓ-પુલો અને જળસિંચાઈનાં કાર્યોમાં જે અસમાનતા રહેલી છે તે દૂર કરવા માટે તપાસ કરી અહેવાલ સાદર કરવા માટે સમિતિ નીમવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો. પ્રસ્તાવ પર ચર્ચા થઈ ત્યાર પછી પ્રસ્તાવ સભાગૃહના મત પર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

(૪) વિ. સ. સ., શ્રી ભાઈલાલભાઈ પટેલે, નિયમ ૧૮૭ અન્વયે, હાલમાં ગુજરાતમાં ખાતરની વહેંચણીની જે પધ્ધતિ છે તેના બદલે બીજી વ્યવસ્થા કરવી જોઈએ અને તે માટેનો અહેવાલ સાદર કરવા માટે સમિતિ નીમવા બાબતનો તેમનો પ્રસ્તાવ રજૂ કર્યો. પ્રસ્તાવ પર ચર્ચા થઈ. ત્યારપછી પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવતા, વિ. સ. સ., શ્રી ભાઈલાલભાઈ પટેલે વિભાજનની માગણી કરી જે સ્વીકારવામાં આવી તરફેણમાં ૩૯ અને વિરૂધ્ધમાં ૭૦ મત મળતાં, પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો.

(૫) વિ. સ. સ., શ્રી ધર્મેન્દ્રસિંહજી રાણાએ, નિયમ ૧૮૭ અન્વયે ગુજરાત રાજ્યમાં હાઈબ્રીડ બિયારણની વપરાશ ખૂબ વધી હોવાથી આ બિયારણના ઉત્પાદનથી વિતરણ સુધીની વ્યવસ્થા સૂચવવા માટેનો અહેવાલ સાદર કરવા માટે સમિતિ નીમવા બાબતનો તેમનો પ્રસ્તાવ રજૂ કર્યો. પ્રસ્તાવ પર ચર્ચા થઈ. ત્યારપછી પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવતાં, વિ. સ. સ., શ્રી ધર્મેન્દ્રસિંહજી રાણાએ વિભાજનની માગણી કરી જે સ્વીકારવામાં આવી. તરફેણમાં ૩૭ અને વિરૂધ્ધમાં ૬૪ મત મળતાં પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો.

૫. વિ. સ. સ., શ્રી કમળાશંકર દવેએ પ્રશ્ન ક્રમાંક ૧૦૦૩૧ના સભાગૃહમાં તા. ૩--૯--૧૯૬૮ના રોજ સરકારે આપેલા જવાબો ઉપરથી ઉપસ્થિત થતી જાહેર અગત્યની બાબત ઉપર અરધા કલાકની ચર્ચા શરૂ કરી. ચર્ચાનો જવાબ નાયબ કૃષિ મંત્રીશ્રીએ આપ્યો. સભ્યોએ ચર્ચામાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછ્યા અને નાયબ કૃષિ મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા. ચર્ચા પૂરી થઈ.

**બુધવાર, તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૬૮.**
**(સવારની બેઠક)**

૧. મુખ્ય મંત્રીશ્રીએ સન ૧૯૬૬ના સંસદ તથા વિધાનસભાના મતદાર વિભાગોના પરિસીમન બાબતના ભારતના ચૂંટણી પંચના આદેશમાં સુધારો કરતી ભારતના ચૂંટણી પંચની તારીખ ૧૯મી જૂલાઈ, ૧૯૬૮ની અધિસૂચના ક્રમાંક-૨૮૨/૧/જીજે/૬૮ વિધાનસભાના મેજ ઉપર મૂકી.

૨. નીચે જણાવેલાં સરકારી વિધેયકો પસાર કરવામાં આવ્યાં.

(૧) સન ૧૯૬૮નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૩૪: સન ૧૯૬૮નું મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત સુધારા) વિધેયક.

(૨) સન ૧૯૬૮નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૩૫ સન ૧૯૬૮નું મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત બીજા સુધારા) વિધેયક.

૩. વિધાન સભા સભ્ય, શ્રી મનુભાઈ પાલખીવાળાએ, નિયમ ૧૧૨ અન્વયે, કાપડ ઉદ્યોગમાં ઘેરી બનતી જતી કટોકટીમાં રાજ્યમાં આઠ કાપડ મિલો બંધ પડી છે અને અન્ય કેટલીક કાપડ મિલો ડચકાં ખાઈ રહી છે અને હજારો કામદારો બેરોજગાર બન્યા છે અને બેરોજગારીનો ભય અન્ય કામદારો પર સતત તોળાઈ રહ્યો છે તેવી ગંભીર પરિસ્થિતિ નિવારવા સરકારના અધકચરાં અને નિષ્ફળ પ્રયત્નો અને તેમાંથી નીપજતી ચિંતાજનક પરિસ્થિતિ અંગે ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરી. ચર્ચામાં દસ સભ્યોએ અને ઉદ્યોગ મંત્રીશ્રીએ ભાગ લીધો. ચર્ચા પૂરી થઈ.

(બપોરની બેઠક)

૪. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૫. વિધાનસભા સભ્ય, શ્રી ધર્મસિંહભાઈ પટેલે, નિયમ ૧૧૬ અન્વયે, તાકીદની જાહેર અગત્યની બાબત જેવી કે ગુજરાતના કેટલાક વિસ્તારમાં "મશી-મોલો" નામની જીવાતના ઉપદ્રવને કારણે વિવિધ પાકોને થયેલું નુકસાન અને તે અંગે રાજ્ય સરકારે લીધેલાં તાકીદનાં પગલાં તરફ ખેતીવાડી વિભાગના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

નાયબ ખેતીવાડી મંત્રીશ્રીએ તેમનું નિવેદન કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નો પૂછ્યા અને નાયબ મંત્રીશ્રીએ તેના જવાબો આપ્યા.

૬. મુખ્ય મંત્રીશ્રીના સંસદીય સચિવ, શ્રી વિનોદચંદ્ર શાહે પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનના સન (૧૯૬૪-૬૫ તથા સન ૧૯૬૫-૬૬ના વાર્ષિક અહેવાલો તેમજ જે કિસ્સાઓમાં કમિશનની સલાહ સ્વીકારવામાં આવી નથી તે કિસ્સાઓમાં તે ન સ્વીકારવા માટેનાં કારણો દર્શાવતી યાદીઓ વિચારણામાં લેવામાં આવે. પ્રસ્તાવ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ સંસદીય સચિવશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૭. વિધાન સભા સભ્ય, શ્રી મનુભાઈ પાલખીવાળાએ જણાવ્યું કે આ ગૃહમાં આજ તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૬૮ના રોજ સવારના થયેલી ટૂંક સમયની ચર્ચા સંબંધમાં મિલ કામદારોનું એક પ્રતિનિધિમંડળ અધ્યક્ષશ્રીને મળવા આવતું હતું ત્યારે તેમાંથી ઘણા માણસોની ધરપકડ થઈ છે અને મંત્રીશ્રીને તે બાબતમાં નિવેદન કરવાની વિનંતી કરી. વિધાન સભા સભ્ય, શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ આ રજૂઆતને

અનુમોદન આપ્યું. સંસદીય બાબતોના મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે જણાવ્યું કે માહિતી મેળવીને સરકાર આ બાબતમાં નિવેદન કરશે.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે નિયમ ૧૧૬ નીચે આવી રીતે ધ્યાન દોરવાની જોગવાઈ આ ગૃહના નિયમોમાં છે. તેમણે વધુમાં જણાવ્યું કે સરકાર અત્યારે તેમની નિવેદન કરવાની અશકિત દર્શાવે તો તેમને ફરજ પાડી શકાય નહિ.

નિવેદન કઇ તારીખે કરવામાં આવશે તેવો સભ્યો તરફથી આગ્રહ થતાં, છેવટે સંસદીય બાબતોના મંત્રી શ્રી ચીમનભાઈ પટેલે જણાવ્યું કે સરકાર તારીખ ૧૪મી સપ્ટેમ્બર ૧૯૬૮ સુધીમાં આ બાબતમાં નિવેદન કરશે.

૮. સહકાર મંત્રી, શ્રી ઠાકોરભાઈ દેસાઈએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનું સન ૧૯૬૫--૬૬ અને સન ૧૯૬૬--૬૭નું કામકાજ વિચારણામાં લેવામાં આવે.

વિધાન સભા સભ્ય, શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે આ બંને અહેવાલોમાં મજકૂર બોર્ડના એકપણ સભ્યની સહી નથી તેથી તેને અધિકૃત ગણી શકાય કે કેમ અને આ બાબતમાં તેમણે પોતે અગાઉ આવા જ પ્રકારના ઉઠાવેલા પોઇન્ટ ઓફ ઓર્ડર અને અધ્યક્ષશ્રીએ તે વિષયમાં આપેલા નિર્ણય તરફ અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આ અહેવાલ, તેમના મજકૂર નિર્ણય અગાઉ, વિધાન-સભા સચિવાલયમાં આવી ગયો હોવાથી આ તબક્કે તે નિર્ણયનો અમલ થઇ શકે તેમ નથી. તેમણે વધુમાં જણાવ્યું કે વિધાનસભા સચિવાલય તરફથી આ બાબતમાં એક પરિપત્ર સરકારી ખાતાને મોકલવામાં આવેલ છે તેથી ભવિષ્યમાં આવો પ્રસંગ ઊભો થાય ત્યારે આવો પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવો વાજબી ગણાશે.

ત્યારબાદ પ્રસ્તાવ પર ચર્ચા થઇ. ચર્ચાનો જવાબ, સહકાર મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઇ.

## ગુરુવાર, તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૬૮.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. કૃષિ મંત્રીશ્રીએ, અધ્યક્ષશ્રીની પરવાનગીથી, કૃષિ યુનિવર્સિટીની સ્થાપના, મથક વગેરે અંગે નિવેદન કર્યું.

મંત્રીશ્રીના નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો અને ઉત્તરોની કાર્યવાહી દરમિયાન વિધાન સભા સભ્ય, શ્રી મનુભાઈ પાલખીવાળાએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે

મંત્રીશ્રીએ ગૃહમાં કરેલા નિવેદનને લગતા જ સમાચાર આજ, તારીખ ૧૨મી સપ્ટેમ્બર ૧૯૬૮ના બધા સમાચારપત્રોમાં છપાયા છે. ગૃહને વિશ્વાસમાં લીધા સિવાય આવી જાહેરાત બીજાં કોઈ વર્તુળો દ્વારા થયેલ હોવાથી તે આ સભાગૃહને અન્યાયકર્તા છે.

સંસદીય બાબતોના મંત્રીશ્રીએ જણાવ્યું કે સરકારે આવી કોઈ જાહેરાત અખબારોમાં કરી નથી પરંતુ કોંગ્રેસપક્ષની સભામાં આ પ્રશ્ન ચર્ચાયેલ હોવાથી તે બાબત છાપા દ્વારા પ્રસિધ્ધિ પામે તો તેને સરકારી નિર્ણયની જાહેરાત કહી શકાય નહિ.

બીજા સભ્યોનાં મંતવ્યો સાંભળ્યા બાદ, અધ્યક્ષશ્રી સંસદીય બાબતોના મંત્રીશ્રીના ઉપર્યુકત કથન સાથે સંમત થયા અને તેમણે પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો.

ત્યારપછી વધુ સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૩. વિધાન સભા સભ્ય, શ્રી એચ. એમ. પટેલે, અધ્યક્ષશ્રીની પરવાનગીથી, જણાવ્યું કે ગૃહમાં મહત્વના અને નીતિને લગતા પ્રશ્નો ચર્ચાતા હોય ત્યારે સહકાર મંત્રીશ્રી ગૃહમાં હાજર હોવા છતાં તેવી મહત્વની ચર્ચાનો જવાબ આપવાનું કામ નાયબ મંત્રીશ્રી પર છોડી દે છે અને તેથી આ ગૃહના ઔચિત્યનો ભંગ થાય છે. તેમણે આ સંબંધમાં લોકસભાની પ્રણાલિકા અંગે અવતરણો ટાંકી તેમના મંતવ્યો રજૂ કર્યા. બીજા સભ્યોનાં મંતવ્યો સાંભળ્યા બાદ અધ્યક્ષશ્રીએ તેમનો નિર્ણય મુલતવી રાખ્યો.

૪. વિધાન સભા સભ્ય, શ્રી મનુભાઈ પાલખીવાલાએ નિયમ ૧૧૬ અન્વયે, ગોળની રસીની ખેંચને કારણે રાજ્યમાં અનેક કારખાનાઓ ઉપર પડેલી અસરો, બેકાર બનેલા અસંખ્ય કામદારો અને રાજ્ય સરકારે લીધેલાં તાકીદના પગલાં તરફ ઉદ્યોગ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. ઉદ્યોગ મંત્રીશ્રીએ તેમનું નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતાં પ્રશ્ન પૂછયા અને મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૫. બિન—સરકારી વિધેયકો.

(અ) નીચે જણાવેલાં બિન-સરકારી વિધેયકોને દાખલ કરવાની રજા પ્રભારી સભ્યોને આપવામાં આવી અને વિધેયકો દાખલ કરવામાં આવ્યા :—

(૧) સન ૧૯૬૮નું ગુજરાત મોટરકાર ડ્રાઈવર વિધેયક. (પ્રભારી સભ્ય, શ્રી સનત મહેતા).

(૨) સન ૧૯૬૮નું ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી (સુધારા) વિધેયક (પ્રભારી સભ્ય, શ્રી મનુભાઈ પાલખીવાલા).

(૩) સન ૧૯૬૮નું ગુજરાત લોકપાલ વિધેયક, (પ્રભારી સભ્ય, શ્રી સનત મહેતા).

(૪) સન ૧૯૬૮નું ગુજરાત દફનસ્થાન સંભાળ અને નિભાવ વિધેયક, (પ્રભારી સભ્ય, શ્રી ગંગારામ રાવળ).

(૫) સન ૧૯૬૮નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક, (પ્રભારી સભ્ય, શ્રી કસ્તુરભાઈ દોશી)

(૬) સન ૧૯૬૮નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક, (પ્રભારી સભ્ય, શ્રી ચુનીલાલ ચુડગર).

(૭) સન ૧૯૬૮નું ગુજરાત જમીન મહેસૂલ નાબૂદી વિધેયક, (પ્રભારી સભ્ય, શ્રી ગૌરીશંકર પાઠક).

(૮) સન ૧૯૬૮નું ગુજરાત જમીન મહેસૂલ નાબૂદી વિધેયક, (પ્રભારી સભ્ય, શ્રી કમળાશંકર દવે).

(૯) સન ૧૯૬૮નું મુંબઈ ગણોતવહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા), વિધેયક, (પ્રભારી સભ્ય, શ્રી વસંતલાલ મહેતા).

(૧૦) સન ૧૯૬૮નું મુંબઈ ગણોતવહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક, (પ્રભારી સભ્ય, શ્રી અમરસિંહ વાઘેલા).

(બ) નીચે જણાવેલું બિન-સરકારી વિધેયક પ્રભારી સભ્યની ગેરહાજરીને કારણે બીજા વાચન માટે લઈ શકાયું નહિ.

સન ૧૯૬૭નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૨૧ સન ૧૯૬૭નું ગુજરાતનું પશુઓનું બલિદાન આપવાની મનાઈ કરવા બાબતનું વિધેયક, (પ્રભારી સભ્ય, શ્રી નાગજીભાઈ આર્ય).

(ક) સન ૧૯૬૮ના વિધાનસભા વિધેયક ક્રમાંક-૨૨-સન ૧૯૬૮ના ગુજરાત યુનિવર્સિટી (સુધારા) વિષેના બિન-સરકારી વિધેયકના પહેલા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ થયો, તેના પર ચર્ચા થઈ અને ત્યાર બાદ પ્રસ્તાવ મત માટે મૂકાતાં વિધાન સભા સભ્યશ્રી મનુભાઈ પાલખીવાળાએ વિભાજનની માગણી કરી જે સ્વીકારવામાં આવી પ્રસ્તાવની તરફેણમાં ૩૫ અને વિરૂધ્ધમાં ૬૮ મત પડતાં પ્રસ્તાવ નામંજૂર થયો. વિધેયક નામંજૂર થયું.

**શુક્રવાર, તા. ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૬૮.**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

કયા કયા અહેવાલો સભ્યોને ઉપયોગ અને અભ્યાસ માટે સરકારે આપવા જોઈએ તે બાબતમાં કેટલાક સભ્યોનાં સૂચનો સંબંધે અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આ પ્રશ્ન હાલ

તેમની વિચારણા હેઠળ છે અને તેઓ સંસદીય બાબતોના મંત્રી અને વિરોધપક્ષના નેતા સાથે ચર્ચા કરી તે સંબંધમાં યોગ્ય તે કરશે.

૨. વિધાનસભા સભ્ય, શ્રી મનુભાઈ પાલખીવાળાએ નિયમ ૧૧૬ અન્વયે, જૂનાગઢ કૃષિ વિદ્યાપીઠના પ્રશ્ન બાબતમાં ફેલાયેલ અશાંતિ અને તેના ભોગ બનેલા અનેક શખસો અને રાજ્ય સરકારે તે અંગે લીધેલાં તાકીદનાં પગલાં તરફ ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

નાયબ ગૃહ મંત્રીશ્રીએ તેમની પાસે ઉપલબ્ધ માહિતીના આધારે નિવેદન કર્યું.

સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને નાયબ ગૃહ મંત્રીશ્રીએ તેના જવાબો આપ્યા.

આ બાબતમાં છેલ્લામાં છેલ્લી પ્રાપ્ત થયેલી બધી માહિતી એકઠી કરી સરકાર પૂરું નિવેદન તા. ૧૪મી સપ્ટેમ્બર ૧૯૬૮ના રોજ કરે તેવી સૂચનાના જવાબમાં અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આપણા નિયમ અનુસાર એક દિવસે એક જ ધ્યાન દોરવા બાબતની સૂચના લઈ શકાય અને તે તારીખે એક ધ્યાન દોરતી બાબત લેવાની ગૃહે અગાઉ ઈંતેજારી બતાવી હોઈ, ગૃહે આ તબકકે નક્કી કરવું જોઈએ કે આ બંને બાબતોમાંથી કઈ બાબત ગૃહે તે દિવસે હાથ ધરવી જોઈએ. ગૃહે જૂનાગઢ કૃષિ વિદ્યાપીઠને લગતી ધ્યાન દોરતી બાબત લેવાનું સૂચન કરતાં, તે બાબત તા. ૧૪મી સપ્ટેમ્બર ૧૯૬૮ના રોજ લેવાનું નક્કી કરવામાં આવ્યું.

૩. સદસ્ય નિવાસ વ્યવસ્થા સમિતિનાં પ્રમુખ, શ્રીમતી વસંતબહેન શાહે સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કર્યો.

**૪. સરકારી વિધેયકો :**

નીચે જણાવેલું બીજા અને ત્રીજા વાચન માટેનું સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું.

સન ૧૯૬૮નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૧૩ સન ૧૯૬૮નું મુંબઈ વીજળી વેરા (સુધારા) વિધેયક.

વિધેયક પરની ચર્ચા દરમ્યાન શ્રી દ્વારકાદાસ બારાઈએ આ વિધેયક પ્રવર સમિતિને સોંપવામાં આવે તે અંગેનો સુધારો રજૂ કર્યો. સુધારા પર ચર્ચા થઈ. સુધારો મત ઉપર મૂકાતાં શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ વિભાજનની માગણી કરી જે સ્વીકારવામાં આવી. સુધારાની તરફેણમાં ૪૫ અને વિરૂધ્ધમાં ૭૬ મત પડતાં સુધારો નામંજૂર થયો.

વિધેયક પરની ચર્ચા દરમિયાન વિધાનસભા સભ્ય, શ્રી એમ. એમ. પટેલે નિયમ ૧૪૦ અન્વયે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી જણાવ્યું કે આ વિધેયકનું ત્રીજું વાચન મોકૂફ રાખવામાં આવે.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આજે પસાર થયેલ સુધારાને કારણે મોટા ભાગની મુશ્કેલીઓનો અંત આવે છે. તેથી તેઓ આ વાંધા સાથે સંમત થઈ શકતા નથી અને તેમને મળેલી સત્તાની રૂએ તેઓ આ વાંધો નામંજૂર કરે છે.

૫. વિધાનસભા સભ્ય, શ્રી એચ. એમ. પટેલે, નિયમ ૧૧૨ અન્વયે, આંતર રાજ્ય નદીઓના ઝઘડાઓના નિકાલ કરવા માટે ટ્રિબ્યુનલ નીમવા અંગેના વિધેયક ઉપર ચર્ચા વખતે કેન્દ્ર સરકારે, નર્મદા અંગેના ગુજરાત મધ્ય પ્રદેશના વિવાદ બાબત ટ્રિબ્યુનલ નીમવાને બદલે ફરી એક વખત ચર્ચા વિચારણા કરી તેનો નિકાલ કરવા અનુરોધ કરેલ છે, પરંતુ મધ્ય પ્રદેશનું નર્મદા અંગેનું મંતવ્ય હવે ખૂબ જાણીતું થયેલ છે અને ચર્ચા વિચારણાથી આવી મહત્ત્વની રાષ્ટ્રીય યોજનાનો નિકાલ થઈ શકે તેમ જણાતું નથી. એ સંદર્ભમાં ગુજરાત સરકારે ભૂતકાળમાં મંજૂર થયા મુજબ, નર્મદા યોજનાનું કામ વહેલી તકે હાથ ધરવા માટે ટૂંકી મુદતની ચર્ચા શરૂ કરી. ચર્ચામાં સાત સભ્યો અને બાંધકામ મંત્રીશ્રીએ ભાગ લીધો. ચર્ચા પૂરી થઈ.

**શનિવાર, તા. ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૬૮.**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. તા. ૧૩-૯-૬૮ના રોજ વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાએ જૂનાગઢ કૃષિ વિદ્યાપીઠના પ્રશ્ન બાબતમાં ફેલાયેલી અશાંતિ અને તેનો ભોગ બનેલા અનેક શખસો અને રાજ્ય સરકારે તે અંગે લીધેલાં તાકીદનાં પગલાં, તરફ મુખ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોરેલું અને જે બાબતમાં નાયબ ગૃહ મંત્રીશ્રીએ નિવેદન કરેલું અને છેલ્લામાં છેલ્લી પ્રાપ્ત થયેલી માહિતી તા. ૧૪-૯-૬૮ના રોજ આપવાનું સ્વીકાર્યું હતું તે અંગે સભ્યોએ, નિવેદનમાંથી ઉપસ્થિત થતા વધુ પ્રશ્નો પૂછ્યા અને નાયબ ગૃહ મંત્રીશ્રીએ તેના જવાબો આપ્યા.

ત્યાર પછી વિ. સ. સ. શ્રી માર્તંડરાય શાસ્ત્રીએ અધ્યક્ષશ્રીને વિનંતી કરી કે તેમણે નિયમ ૧૧૬ (૩) ના અધિકારો વાપરીને દિવસના કામકાજની યાદીમાં બતાવેલી તેલ અંગેની ધ્યાન દોરતી બાબત જે મહત્ત્વની અને ગંભીર છે તે હાથ ધરવા પરવાનગી આપવી કારણ કે અધ્યક્ષશ્રી એક દિવસે આવી બે સૂચનાઓ લેવાની પરવાનગી આપી શકે છે. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે વધારે સૂચનાઓ આવેલી હોવાથી કઈ સૂચનાને બીજી સૂચના તરીકે લેવી તે મુશ્કેલ બને અને તેથી બેલટનો રાહ લેવો પડે. સર્વે સંમતિ હોય તો પણ અમૂક સૂચના લેવાનું શકય છે કે કેમ તે ઠરાવવું મુશ્કેલ છે. જ્યારે અહીં તો અત્યારે જ અન્ય સભ્ય પોતાની સૂચના લેવાની માગણી કરે છે, તેથી શ્રી શાસ્ત્રીની માગણી સ્વીકારી શકાય નહિ.

ત્યારબાદ પછી ૭ તાકીદની જાહેર અગત્યની બાબતો પર ધ્યાન દોરતી સૂચનાઓ અંગે સંબંધિત મંત્રીશ્રીઓએ તેમનાં નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકયા.

વિ. સ. સ., શ્રી માર્તંડરાય ગં. શાસ્ત્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે છેલ્લા દિવસે આ પ્રમાણે બાકી રહેલી બધી સૂચનાઓને લગતાં નિવેદનો મંત્રીશ્રીઓને ટેબલ ઉપર મૂકવાની પરવાનગી આપવી તે બરાબર છે કે કેમ ? અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે જો તેવી પરવાનગી આપવામાં ન આવે તો નિયમ ૨૧ અન્વયે બધી નોટિસો લેપ્સ થાય અને તે લેપ્સ ન થવા દેવા માટેની આ પ્રણાલિકા કેવી રીતે અપનાવવામાં આવી છે તેનો અભ્યાસ કરી જો તે ખોટી હશે તો હવે પછીના સત્રથી તે બંધ કરવામાં આવશે.

૩. મુખ્ય મંત્રીશ્રીના સંસદીય સચિવશ્રીએ ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનનો સન ૧૯૬૬-૬૭નો વાર્ષિક અહેવાલ તેમજ જે કિસ્સાઓમાં કમિશનની સલાહ સ્વીકારવામાં આવી નથી તે કિસ્સાઓમાં તે ન સ્વીકારવા માટેનાં કારણો દર્શાવતી યાદી વિધાનસભાના મેજ ઉપર મૂકયાં.

૪. નાયબ ગૃહ મંત્રીશ્રીએ ગુજરાત વિજિલન્સ કમિશનનો સન ૧૯૬૬-૬૭નો અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

૫. અરજી સમિતિના પ્રમુખ અને ઉપાધ્યક્ષ, શ્રી વસંતલાલ મહેતાએ સમિતિનો ચોથો અહેવાલ રજૂ કર્યો.

૬. સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખ, શ્રી રામજીભાઈ ચૌધરીએ સમિતિનો દ્વિતિય અહેવાલ રજૂ કર્યો છ સભ્યોની રજા મંજુર કરવામાં આવી.

૭. અંદાજ સમિતિના પ્રમુખ, શ્રી કાંતિલાલ ઘીયાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે અંદાજ સમિતિના ત્રીજા, ચોથા, પાંચમા અને છઠ્ઠા અહેવાલો વિચારણામાં લેવામાં આવે અને તે અંગે તેમનાં મંતવ્યો રજૂ કર્યા.

વિ. સ. સ., શ્રી રતિલાલ ખુશાલદાસે આ બાબતમાં તેમનો વૈકલ્પિક પ્રસ્તાવ રજુ કર્યો કે અંદાજ સમિતિના ત્રીજા, ચોથા, પાંચમા અને છઠ્ઠા અહેવાલો સ્વીકારવામાં આવે અને અહેવાલોમાં કરેલ ભલામણોનો તત્કાળ અમલ કરવામાં આવે અને તે અંગે તેમનાં મંતવ્યો રજૂ કર્યા.

પ્રસ્તાવ પર ચર્ચા થઈ ચર્ચામાં પાંચ સભ્યોએ ભાગ લીધા બાદ વિ. સ. સ. શ્રી ગંગારામ રાવલે, નિયમ ૪૧ અન્વયે, ચર્ચા બંધ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. વિ. સ. સ., શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ તેનો વિરોધ કર્યો. અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો કે ચર્ચામાં ઘણા થોડા માનનીય સભ્યો લાભ લઈ શકયા છે, ચર્ચા બહુ લાંબી ચાલી નથી, તેથી ચર્ચા બંધ કરવાના પ્રસ્તાવને તેઓ સંમતિ આપતા નથી. ત્યારપછી ચર્ચામાં વધુ સભ્યોએ ભાગ લીધો.

વૈકલ્પિક પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ, વિ. સ. સ., શ્રી રતિલાલ ખુશાલદાસે આપ્યો.

મૂળ પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ વિ. સ. સ., શ્રી કાંતિલાલ ઘીયાએ આપ્યો.

ત્યારપછી વિ. સ. સ., શ્રી રતિલાલ ખુશાલદાસનો વૈકલ્પિક પ્રસ્તાવ, ગૃહની પરવાનગીથી, પાછો ખેંચી લેવામાં આવ્યો ચર્ચા પૂરી થઈ.

૮. સભાગૃહનું મંતવ્ય જાણ્યા પછી, અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે સમયના અભાવે જાહેર હિસાબ સમિતિનો પહેલો અહેવાલ ચર્ચા ઉપર લઈ શકાશે નહિ.

૯. વિ. સ. સ., શ્રી ગોવિંદભાઈ પટેલે, નિયમ ૧૦૪ અન્વયે, પ્રસ્તાવ રજૂ કર્યો કે રાજ્યની નદીઓમાં આવેલા પૂરથી ઉભી થયેલી પરિસ્થિતિનો આપણે ઠીક ઠીક સામનો કર્યો છે. તેમાં છેલ્લા પચીસ દિવસથી વરસાદ ખેંચાવાથી ગુજરાત ભરમાં દુષ્કાળની પરિસ્થિતિ સર્જાઇ રહી છે તે બાબતમાં વિચારણા કરવામાં આવે.

પ્રસ્તાવ પર ચર્ચા થઇ. મહેસૂલ મંત્રીશ્રીએ ચર્ચાનો જવાબ આપ્યો. ચર્ચા પૂરી થઇ.

### ૧૦. અધ્યક્ષશ્રીનો નિર્ણય.

તા. ૧૨-૯-૬૮ના રોજ શ્રી એચ. એમ. પટેલે ઉપસ્થિત કરેલા ઔચિત્ય ભંગના પ્રશ્ન પરનો તેમનો મુલતવી રાખેલો નિર્ણય આપતાં અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે પ્રશ્નોત્તરીના સમય તેમજ અન્ય પ્રસંગોએ મંત્રીશ્રીએ જ જવાબ આપવો જોઇએ અથવા નાયબ મંત્રીશ્રી જે જવાબો આપે તે સંતોષકારક ન હોય તો મંત્રીશ્રીએ વચ્ચે પડીને ગૃહને સંતોષ આપવો જોઇએ અને તેમ કરવાનો અધ્યક્ષશ્રીએ આદેશ આપવો જોઇએ તેવો કોઈ આધાર ઈંગ્લેન્ડની આમસભાની કાર્યવાહી વાંચી જોતાં કે લોકસભામાં કે બીજા કોઈ ગૃહમાં આવી ફરિયાદ આવી હોય અને અધ્યક્ષે તેનો નિર્ણય કર્યો હોય એવો કોઈ બનાવ જડી આવતો નથી. અધ્યક્ષશ્રીએ વધુમાં જણાવ્યું કે કયા સંજોગોમાં મંત્રીશ્રીએ જવાબ આપવો તેનો નિર્ણય અધ્યક્ષશ્રી કરી શકે નહિ, તે નિર્ણય તો સંબંધિત મંત્રી જ કરી શકે. અધ્યક્ષશ્રીએ વધુમાં જણાવ્યું કે આ સંજોગોમાં તેમણે પહેલાં જે નિર્ણય આપ્યો હતો તે ફેરવવા તેમને કોઈ વાજબી કારણ જણાતું નથી.

૧૧. સચિવશ્રીએ નિયમ ૯૧ અન્વયે, પ્રશ્નો અને તેના જવાબો જે સમયના અભાવે ગૃહ સમક્ષ મૂકી શકાયા ન હતા તે સભાગૃહના મેજ ઉપર મૂકયા.

૧૨. અધ્યક્ષશ્રીએ, સત્ર સમાપ્તિ કરતો રાજ્યપાલશ્રીનો સંદેશો, વાંચી સાંભળાવ્યો.

પત્રક ક્રમાંક—૪

## તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નોનો નિકાલ (આંકડામાં)

| પ્રશ્નોનો પ્રકાર | મળેલ સૂચના-ઓમાંથી તપાસેલ પ્રશ્નોની સૂચનાઓ | દાખલ કર્યા | દાખલ ન કરેલા | પાછા ખેંચી લીધા | સ્પષ્ટીકરણ માટે — વિભાગને | સ્પષ્ટીકરણ માટે — સભ્યશ્રીને | કલબ (એકત્રિત) | ગૃહમાં જવાબ આપ્યા | સમયના અભાવે રજૂ ન થવાથી નિ. ૯૧ અન્વયે સભા-ગૃહના મેજ પર મૂકાયા | ગૃહમાં જવાબ આપ્યા તેની ટકા-વારી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| તારાંકિત | *૬૭૯૩ હ | ૧૯૨૭ | ૩૦૯૬ | ૩ | @૨ | @૨૪ | ૫૧૬ | ૫૨૦ | ૯૪૧ | ૭૫.૮ |
| અતારાંકિત | ... | *૧૨૨૫ | ... | ... | ... | ... | ... | ૭૦૦ | ૩૧૯ | ૮૩.૧ |
| ટૂંકી મુદતના | ૨૬૩ | †૫૫ | ૧૬૪ | ૨ | ... | ... | **૪૨ | ૪૩ | ... | ૭૮.૧ |

*તા. ૩૧મી માર્ચ, ૧૯૬૮ના રોજ ૨૯૯૩ પ્રશ્નોની સૂચનાઓ તપાસવાની બાકી હતી અને તા. ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૬૮ સુધીમાં ૪૦૪૩ પ્રશ્નોની નવી સૂચનાઓ આવેલી છે તેમાંથી ૬૭૯૩ પ્રશ્નોની સૂચનાઓ તપાસીને નિકાલ કરવામાં

આવેલ છે. આમાંથી ૧૨૨૫ પ્રશ્નોને અતારાંકિત તરીકે દાખલ કરવામાં આવેલ છે. અતારાંકિત પ્રશ્નોની એકપણ સૂચના મળી નથી. ૨૪૩ તારાંકિત પ્રશ્નોની સૂચનાઓ ગુજરાત વિધાનસભાના સુધારેલા નિયમ ૨૧ અન્વયે રદ ગણવામાં આવેલ છે.

**૧૧ ટૂં. મુ. ના પ્રશ્નની સૂચના આપનાર સભ્યશ્રીઓના નામ નિ. ૧૧૬ની સૂચનાઓમાં જોડવામાં આવેલાં, જ્યારે ૨ ટૂં મુ. ની સૂચના આપનાર સભ્યશ્રીઓના નામ નિયમ ૧૧૨ અન્વયેની સૂચનામાં જોડવામાં આવેલ અને બાકીના દાખલ થયેલ ટૂં. મુ. ના પ્રશ્નોમાં નામ જોડવામાં આવેલ છે;

† આ ઉપરાંત ૩૯ પ્રશ્નો તારાંકિત અને ૨ પ્રશ્નો અતારાંકિત તરીકે દાખલ કરવામાં આવ્યા હતા.

 હ. આમાંથી ૪૬૬ તારાંકિત પ્રશ્નોના જવાબો સરકાર તરફથી નિયત સમયમાં નહીં આવવાથી વિધાનસભાના નિયમોના સુધરેલ નિયમ ૨૧ અન્વયે રદ ગણવામાં આવેલ છે.

@ સરકારને તથા સભ્યશ્રીઓને પૃચ્છા કરવામાં આવેલ આ તારાંકિત પ્રશ્નોની સૂચનાઓ વિધાનસભાના નિયમોના સુધરેલ નિયમ ૨૧ અન્વયે રદ ગણવામાં આવેલ છે.

## પત્રક ક્રમાંક–૫

### તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

| વિભાગ | મળેલ સૂચનાઓ-માંથી તપાસેલ પ્રશ્નોની સૂચનાઓ | દાખલ કર્યા | દાખલ ન કરેલા | પાછા ખેંચી લીધા | સ્પષ્ટીકરણ માટે વિભાગને | સ્પષ્ટીકરણ માટે સભ્યશ્રીને | કલબ (એકત્રિત) | ગૃહમાં જવાબ આપ્યા | સમયના અભાવે રજૂ ન થવાથી નિયમ ૯૧ અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકાયા | ગૃહમાં જવાબ આપ્યાની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| સામાન્ય વહીવટ | ૨૦૩ | ૩૭ | ૧૨૬ | — | — | — | ૧૭ | ૧૦ | ૧૮ | ૭૫.૬ |
| નાણાં | ૯૬ | ૨૫ | ૪૭ | — | — | — | ૮ | ૧૩ | ૪ | ૬૮.૦ |
| જાહેર બાંધકામ | ૮૧૨ | ૨૩૭ | ૩૯૩ | — | — | ૪ | ૫૧ | ૯૫ | ૯૨ | ૭૮.૭ |
| કાયદા | ૯૧ | ૧૯ | ૪૫ | — | — | ૧ | ૭ | ૬ | ૪ | ૫૨.૬ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મહેસૂલ | ૭૫૪ | ૩૧૪ | ૨૬૯ | — | — | ૪ | ૧૭ | ૪૨ | ૨૧૩ | ૮૧.૨ |
| પંચાયત/આરોગ્ય | ૮૫૮ | ૨૯૯ | ૩૧૬ | — | — | ૧ | ૮૫ | ૬૪ | ૧૪૧ | ૬૮.૪ |
| શિક્ષણ/મજૂર | ૭૮૮ | ૨૨૯ | ૩૨૬ | ૧ | — | ૨ | ૬૦ | ૬૨ | ૯૭ | ૬૯.૪ |
| ગૃહ | ૧૧૪૦ | ૨૭૪ | ૬૨૧ | ૧ | ૧ | ૪ | ૭૭ | ૪૨ | ૧૭૮ | ૮૦.૨ |
| નાગરિક પૂરવઠા | ૨૯૦ | ૬૭ | ૧૪૨ | — | — | ૧ | ૨૫ | ૧૮ | ૪૨ | ૮૯.૫ |
| ઉદ્યોગ, ખાણ, વિજળી | ૭૭૫ | ૧૫૯ | ૩૭૫ | — | ૧ | ૨ | ૮૫ | ૨૧ | ૫૪ | ૪૭.૧ |
| ખેતીવાડી/સહકાર | ૯૮૬ | ૨૬૭ | ૪૩૬ | ૧ | — | ૫ | ૮૪ | ૧૪૭ | ૯૮ | ૯૧.૭ |
| કુલ. | ૬૭૯૩ | ૧૯૨૭ | ૩૦૯૬ | ૩ | ૨ | ૨૪ | ૫૧૬ | ૫૨૦ | ૯૪૧ | |

## પત્રક ક્રમાંક-૬

### અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

| વિભાગ | મળેલ સૂચનાઓ-માંથી તપાસેલ પ્રશ્નોની સૂચનાઓ | દાખલ કર્યા | દાખલ ન કરેલા | પાછા ખેંચી લીધા | સ્પષ્ટીકરણ માટે વિભાગને | સ્પષ્ટીકરણ માટે સભ્યશ્રીને | કલબ (એકત્રિત) | ગૃહમાં જવાબ આપ્યા | સમયના અભાવે રજૂ ન થવાથી નિ. ૯૧ અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકયા | ગૃહમાં જવાબ આપ્યા તેની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| સામાન્ય વહીવટ | -- | ૨૩ | = | -- | = | = | = | ૧૨ | ૯ | ૯૧.૩ |
| નાણાં | -- | ૧૬ | = | = | -- | -- | -- | ૧૨ | ૨ | ૮૭.૫ |
| જાહેર બાંધકામ | -- | ૧૨૭ | -- | = | -- | -- | -- | ૮૪ | ૨૦ | ૮૧.૮ |
| કાયદા | -- | ૧૯ | -- | -- | -- | -- | -- | ૧૨ | ૧ | ૬૮.૪ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મહેસૂલ | = | ૧૫૦ | = | = | = | = | = | ૬૯ | ૫૬ | ૮૩.૩ |
| પંચાયત/આરોગ્ય | = | ૧૫૭ | – | – | = | – | – | ૭૫ | ૫૬ | ૮૩.૪ |
| શિક્ષણ/મજૂર | = | ૧૭૦ | – | = | = | = | – | ૯૬ | ૪૮ | ૮૪.૭ |
| ગૃહ | – | ૧૬૨ | – | – | – | – | – | ૧૦૭ | ૩૦ | ૮૪.૫ |
| નાગરિક પુરવઠા | – | ૫૫ | – | = | – | – | – | ૪૪ | ૭ | ૯૨.૭ |
| ઉદ્યોગ, ખાણ, વીજળી | – | ૧૫૩ | = | – | – | = | – | ૬૩ | ૪૧ | ૬૭.૯ |
| ખેતીવાડી/સહકાર | – | ૧૯૩ | – | – | – | – | – | ૧૨૬ | ૪૯ | ૯૦.૬ |
| કુલ | – | ૧૨૨૫ | – | – | = | = | – | ૭૦૦ | ૩૧૯ | = |

પત્રક

સરકારી

| ક્રમાંક | વિધેયકનું નામ | સરકારી વિભાગનું નામ | પ્રભારી મંત્રીશ્રીનું નામ | દાખલ કર્યા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | સન ૧૯૬૭નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧૦-સન ૧૯૬૭નું ગુજરાત નર્સ, મિડવાઈફ અને આરોગ્ય તપાસનીશ વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી ફત્તેસિંહરાવ ગાયકવાડ, મંત્રીશ્રી, આરોગ્ય. | ૨૯--૮-૬૮ |
| ૨ | સન ૧૯૬૮નું વિ. સ. વિધેયક ક્રમાંક--૩--સન ૧૯૬૮નું ગુજરાત રાજમાર્ગ વિધેયક. | જાહેર બાંધકામ વિભાગ | શ્રી બાબુભાઈ જ. પટેલ, મંત્રીશ્રી, બાંધકામ. | -- |
| ૩ | સન ૧૯૬૮નું વિ. સ. વિધેયક ક્રમાંક-૭-સન ૧૯૬૮નું રૂ લોઢવા અને રૂની ગાંસડી બાંધવાના કારખાનાં બાબતનું (ગુજરાત એકીકરણ અને સુધારા) વિધેયક | ખેતીવાડી અને સહકાર વિભાગ | શ્રી ઠાકોરભાઈ મણીલાલ દેસાઈ, મંત્રીશ્રી, પંચાયત. | ૨૯--૮-૬૮ |
| ૪ | સન ૧૯૬૮નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧૧-સન ૧૯૬૮નું મુંબઈ ગણોત હક્ક અને ખેત જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ વિસ્તાર) (ગુજરાત સુધારા) વિધેયક. | મહેસૂલ વિભાગ | શ્રી પ્રેમજી ભવાનજી ઠક્કર, મંત્રીશ્રી, મહેસૂલ. | ૨૯--૮-૬૮ |

**ક્રમાંક—૭**

**વિધેયકો**

| પહેલા વાંચનની તારીખ | બીજા વાંચનની તારીખ | ત્રીજા વાંચનની તારીખ | સુધારા | | | શેરો |
|---|---|---|---|---|---|---|
| | | | જેની સૂચના મળી | જે રજૂ કરવામાં આવ્યા | જે પસાર કરવામાં આવ્યા | |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૨૯-૮-૬૮ | ૨૯-૮-૬૮ | ૨૯-૮-૬૮ | ૩૮ | ૩૮ | ૫ | |
| -- | -- | -- | -- | -- | -- | આ વિધેયક રજૂ થયું ન હતું. |
| ૨૯-૮-૬૮ | ૨૯-૮-૬૮ | ૨૯-૮-૬૮ | -- | -- | -- | |
| ૨૯-૮-૬૮ | ૨૯-૮-૬૮ | ૨૯-૮-૬૮ | -- | -- | -- | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૫ | સન ૧૯૬૮નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧૩-સન ૧૯૬૮નું મુંબઇ વીજળી વેરા (સુધારા) વિધેયક. | ઉદ્યોગ, ખાણ અને વીજળી વિભાગ. | શ્રી બાબુભાઈ જ. પટેલ, મંત્રીશ્રી, બાંધકામ. | ૨૯-૮-૬૮ |
| ૬ | સન ૧૯૬૮નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧૫-સન ૧૯૬૮નું સૌરાષ્ટ્ર યુનિવર્સિટી (સુધારા) વિધેયક. | શિક્ષણ અને મજૂર વિભાગ. | શ્રી ગોરધનદાસ ચોખાવાલા, મંત્રીશ્રી, શિક્ષણ. | ૩-૯-૬૮ |
| ૭ | સન ૧૯૬૮નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૧-સન ૧૯૬૮નું ગુજરાત મત્સ્ય ઉદ્યોગ વિધેયક. | ખેતીવાડી અને સહકાર વિભાગ | શ્રી એફ.પી. ગાયકવાડ, મંત્રીશ્રી, આરોગ્ય. | " |
| ૮ | સન ૧૯૬૮નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૨-સન ૧૯૬૮નું મુંબઈ તાલુકદારી સત્તાપ્રકાર નાબૂદી (ગુજરાત સુધારા) વિધેયક. | મહેસૂલ વિભાગ | શ્રી પ્રેમજી ભવાનજી ઠક્કર, મંત્રીશ્રી, મહેસૂલ. | ૨૯-૮-૬૮ |
| ૯ | સન ૧૯૬૮નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૩-સન ૧૯૬૮નું પ્રેસિડેન્સિ સ્મોલ કોઝ કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયક. | કાયદા વિભાગ | શ્રી પ્રેમજી ભવાનજી ઠક્કર, મંત્રીશ્રી, કાયદા. | " |
| ૧૦ | સન ૧૯૬૮નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૪-સન ૧૯૬૮નું મુંબઇ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત સુધારા) વિધેયક. | શિક્ષણ અને મજૂર વિભાગ. | શ્રી શાંતિલાલ શાહ, મંત્રીશ્રી, મજૂર | ૧૧-૯-૬૮ |
| ૧૧ | સન ૧૯૬૮નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૫-સન ૧૯૬૮નું મુંબઇ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત બીજા સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી ગોરધનદાસ ચોખાવાલા, મંત્રીશ્રી, નગરપાલિકા. | ૧૧-૯-૬૮ |

ક્રમાંક—૭ (ચાલુ)

| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|
| ૩--૯--૬૮ | ૧૩--૯--૬૮ | ૧૩--૯--૬૮ | ૪૩ | ૪૩ | ૧૦ | -- |
| ૩--૯--૬૮ | ૩--૯--૬૮ | ૩--૯--૬૮ | ૩ | ૩ | ૧ | -- |
| -- | -- | -- | -- | -- | -- | આ વિધે-યક રજૂ થયું નહતું |
| ૨૯--૮--૬૮ | ૨૯--૮--૬૮ | ૨૯--૮--૬૮ | -- | -- | -- | -- |
| -- | -- | -- | -- | -- | -- | આ વિધેયક રજૂ થયું ન હતું. |
| ૧૧--૯--૬૮ | ૧૧--૯--૬૮ | ૧૧--૯--૬૮ | -- | -- | -- | -- |
| ૧૧--૯--૬૮ | ૧૧--૯--૬૮ | ૧૧--૯--૬૮ | ૧ | -- | -- | અધ્યક્ષશ્રીએ સુધારો નામંજૂર કરેલ. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૧૨ | સન ૧૯૬૮નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૬-સન ૧૯૬૮નું ગુજરાત વિધાનસભાના સભ્યોના પગાર તથા ભથ્થાં (સુધારા) વિધેયક. | કાયદા વિભાગ | શ્રી ચીમનભાઈ પટેલ, મંત્રીશ્રી, સંસદીય બાબતો. | -- |
| ૧૩ | સન ૧૯૬૮નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૭-સન ૧૯૬૮નું ગુજરાત વિધાનસભાના સભ્યોના પગાર તથા ભથ્થાં (સુધારા) વિધેયક. | કાયદા વિભાગ | શ્રી ચીમનભાઈ પટેલ, મંત્રીશ્રી, સંસદીય બાબતો. | ૯-૯-૬૮ |
| ૧૪ | સન ૧૯૬૮નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૮-સન ૧૯૬૮નું ગુજરાત (દ્વિતીય પૂરક) વિનિયોગ વિધેયક. | નાણાં વિભાગ | શ્રી જશવંત મહેતા મંત્રીશ્રી, નાણાં. | ૯-૯-૬૮ |

ક્રમાંક—૭ (પૂર્ણ)

| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|
| -- | -- | -- | -- | -- | -- | આ વિધેયક રજૂ કરવામાં આવ્યું ન હતું. |
| ૯—૯—૬૮ | ૯—૯—૬૮ | ૯—૯—૬૮ | ૩ | ૩ | ૧ | -- |
| ૯—૯—૬૮ | ૯—૯—૬૮ | ૯—૯—૬૮ | -- | -- | -- | -- |

## પત્રક ક્રમાંક-૮

## સન ૧૯૬૮-૬૯ના વર્ષ માટેની પૂરક માંગણીઓ

| રજૂ થયેલી પૂરક માંગણીઓ-ની સંખ્યા | ચર્ચાયેલી માંગણીઓ | | | ચર્ચા વગર પસાર (ગિલોટીન) થયેલી પૂરક માંગણીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| | અનુ-ક્રમ | માંગણી નંબર | હિસાબનું સદર | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૪૫ | ૧ | ૨૦ | ૫૩-બંદરો અને બંદર વિષયક માર્ગદર્શન (બાંધકામ વિભાગ) | ૪૧ |
| | ૨ | ૨૬ | ૬૪-દુષ્કાળ રાહત (મહેસૂલ વિભાગ) | |
| | ૩ | ૧૭ | ૪૨-બહુલક્ષી નદી યોજનાઓ | |
| | | | ૪૩-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ (વાણિજ્યિક) | |
| | | | ૪૪-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ (બિન-વાણિજ્યિક) (બાંધકામ વિભાગ) | |
| | ૪ | ૧૯ | ૫૦-રાજ્ય બાંધકામ (બાંધકામ વિભાગ) | |

# પત્રક ક્રમાંક ૯

પત્રક—

સન ૧૯૬૮-૬૯ના વર્ષ માટેની

| ક્રમાંક | વિભાગ | માગણી ક્રમાંક | મુખ્ય સદર | મળેલી કાપ દરખાસ્તો | નામંજૂર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | જાહેર બાંધકામ | ૧૭ | ૪૨—બહુલક્ષી નદી યોજનાઓ, ૪૩—સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ, (વાણિજ્યિક) ૪૪—સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ (બિન-વાણિજ્યિક) | ૧૩ | ... |
| ૨ | જાહેર બાંધકામ | ૧૯ | ૫૦—રાજ્ય બાંધકામ | ૩૨ | ૪ |
| ૩ | જાહેર બાંધકામ | ૨૦ | ૫૩—બંદરો અને બંદર વિષયક માર્ગદર્શન | ૫ | ૧ |
| ૪ | મહેસૂલ | ૨૪ | ૧૯—સામાન્ય વહીવટ | ૧ | ૧ |
| ૫ | મહેસૂલ | ૨૬ | ૬૪—દુષ્કાળ રાહત | ૧૧ | ... |
| ૬ | પંચાયત અને આરોગ્ય | ૩૨ | ૩૭—સમૂહ વિકાસ યોજના કામ, રાષ્ટ્રિય વિસ્તરણ સેવા અને સ્થાનિક વિકાસ કાર્યો | ૯ | ૧ |

ક્રમાંક—૯.

પૂરક માગણીઓ પરની કાપ દરખાસ્તો

| દાખલ કરેલી એકત્રિત કર્યા સિવાયની | દાખલ કરેલી એકત્રિત કરીને | રજૂ થયેલી | રજૂ ન થયેલી | ચર્ચાને અંતે પાછી ખેંચી લીધેલી | ચર્ચાને અંતે મત લેવાતાં નામંજૂર થયેલી |
|---|---|---|---|---|---|
| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૨ | ૨ (૧૧ સૂચનાઓમાંથી) | ૪ | ... | ... | ૪ |
| ૩ | ૩ (૨૫ સૂચનાઓમાંથી) | ૬ | ... | ... | ૬ |
| ૧ | ૧ (૩ સૂચનાઓમાંથી) | ૨ | ... | ... | ૨ |
| ... | ... | ... | ... | ... | ... |
| ૨ | ૧ (૯ સૂચનાઓમાંથી) | ૩ | ... | ... | ૩ |
| ... | ૧ ...(૮ સૂચનાઓમાંથી) | માગણી ગિલોટીનમાં જવાથી તેના પરની કાપ દરખાસ્તો રજૂ થઈ શકી નહિ. | | | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| ૭ | પંચાયત અને આરોગ્ય | ૩૩ | ૨૬—પરચૂરણ ખાતાં, ૩૪—સહકાર, ૩૯—પરચૂરણ, સામાજીક અને વિકાસ લક્ષી સંઘટનો, ૫૦—રાજ્ય બાંધકામ | ૯ | ... |
| ૮ | શિક્ષણ અને મજૂર | ૩૭ | ૨૮—શિક્ષણ | ૧૨ | ... |
| ૯ | શિક્ષણ અને મજૂર | ૩૮ | ૩૮—મજૂરી અને રોજગાર ૭૧—પરચૂરણ | ૧૨ | ... |
| ૧૦ | ગૃહ | ૪૩ | ૨૩—પોલીસ | ૪૧ | ૧ |
| ૧૧ | ઉદ્યોગ, ખાણ અને વીજળી | ૪૮ | ૩૫—ઉદ્યોગો | ૨ | ૨ |
| ૧૨ | ઉદ્યોગ, ખાણ અને વીજળી | ૪૯ | ૬૮—લેખન સામગ્રી અને મુદ્રણ | ૧ | ૧ |
| ૧૩ | ઉદ્યોગ ખાણ, અને વીજળી | ૫૦ | ૭૧—પરચૂરણ | ૧૪ | ... |
| ૧૪ | ખેતીવાડી અને સહકાર | ૫૩ | ૩૧—ખેતી | ૪૪ | ૩ |
| ૧૫ | ખેતીવાડી અને સહકાર | ૫૪ | ૩૩—પશુપાલન | ૧ | ... |
| ૧૬ | ખેતીવાડી અને સહકાર | ૫૫ | ૩૪—સહકાર | ૯ | ... |

ક્રમાંક—૯ (ચાલુ)

| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|
| ૨ | ૧ (૭ સૂચનાઓમાંથી) | માગણી ગિલોટીનમાં જવાથી તેના પરની કાપ-દરખાસ્તો રજૂ થઈ શકી નહિ. | | | |
| ૧ | ૧ (૧૧ સૂચનાઓમાંથી) | માગણી ગિલોટીનમાં જવાથી તેના પરની કાપ-દરખાસ્તો રજૂ થઈ શકી નહિ. | | | |
| ૩ | ૧ (૯ સૂચનાઓમાંથી) | માગણી ગિલોટીનમાં જવાથી તેના પરની કાપ-દરખાસ્તો રજૂ થઈ શકી નહિ. | | | |
| ૧ | ૫ (૩૯ સૂચનાઓમાંથી) | માગણી ગિલોટીનમાં જવાથી તેના પરની કાપ-દરખાસ્તો રજૂ થઈ શકી નહિ. | | | |
| ... | ... | ... | ... | ... | ... |
| ... | ... | ... | ... | ... | ... |
| ૧ | ૨ (૧૩ સૂચનાઓમાંથી) | માગણી ગિલોટીનમાં જવાથી તેના પરની કાપ-દરખાસ્તો રજૂ થઈ શકી નહિ. | | | |
| ૪ | ૬ (૩૭ સૂચનાઓમાંથી) | માગણી ગિલોટીનમાં જવાથી તેના પરની કાપ-દરખાસ્તો રજૂ થઈ શકી નહિ. | | | |
| ૧ | ... | માગણી ગિલોટીનમાં જવાથી તેના પરની કાપ-દરખાસ્તો રજૂ થઈ શકી નહિ. | | | |
| ... | ૨ (૯ સૂચનાઓમાંથી) | માગણી ગિલોટીનમાં જવાથી તેના પરની કાપ-દરખાસ્તો રજૂ થઈ શકી નહિ. | | | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| ૧૭ | જાહેર બાંધકામ | ૬૪ | ૯૮—બહુલક્ષી નદી યોજનાઓ પર કેપિટલ ખર્ચ, ૯૯—સિચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ પર કેપિટલ ખર્ચ (વાણિજ્યિક) ૧૦૦—સિચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ પર કેપિટલ ખર્ચ (બિન-વાણિજ્યિક) | ૯ | ૧ |
| ૧૮ | જાહેર બાંધકામ | ૬૬ | ૧૦૩—રાજ્ય બાંધકામ પર કેપિટલ ખર્ચ | ૧ | ૧ |
| ૧૯ | જાહેર બાંધકામ | ૬૭ | ૧૦૭—ગુજરાતના પાટનગર અંગે ખર્ચ | ૧૧ | ... |
| ૨૦ | પંચાયત અને આરોગ્ય | ૭૧ | ૯૪—જાહેર આરોગ્યની સુધારણા પર કેપિટલ ખર્ચ | ૧૫ | ... |
| ૨૧ | શિક્ષણ અને મજૂર | ૯૧ | ક્યુ—રાજ્ય/સંઘ પ્રદેશોની સરકાર તરફથી લોન અને પેશગીઓ | ૧ | ... |
| ૨૨ | ઉદ્યોગ, ખાણ અને વીજળી | ૯૪ | ક્યુ—રાજ્ય/સંઘ પ્રદેશોની સરકાર તરફથી લોન અને પેશગીઓ | ૮ | ... |
| ૨૩ | ખેતીવાડી અને સહકાર | ૯૬ | ક્યુ—રાજ્ય/સંઘ પ્રદેશોની સરકાર તરફથી લોન અને પેશગીઓ | ૧૪ | ૩ |
| | | | કુલ ... | ૨૭૫ | ૧૯ |

નોંધ.—કુલ ૪૯ કાપદરખાસ્તો, સંબંધિત માગણીઓ

ક્રમાંક—૯ (પુર્ણ)

| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|
| ૩ | ૧ (૫ સૂચનાઓમાંથી) | | માગણી ગિલોટીનમાં જવાથી તેના પરની કાપ-દરખાસ્તો રજૂ થઈ શકી નહિ. | | |
| ... | ... | ... | ... | ... | ... |
| ૧ | ૨ (૧૦ સૂચનાઓમાંથી) | | માગણી ગિલોટીનમાં જવાથી તેના પરની કાપ-દરખાસ્તો રજૂ થઈ શકી નહિ. | | |
| ૪ | ૧ (૧૧ સૂચનાઓમાંથી) | | માગણી ગિલોટીનમાં જવાથી તેના પરની કાપ-દરખાસ્તો રજૂ થઈ શકી નહિ. | | |
| ૧ | ... | | માગણી ગિલોટીનમાં જવાથી તેના પરની કાપ-દરખાસ્તો રજૂ થઈ શકી નહિ. | | |
| ૧ | ૧ (૭ સૂચનાઓમાંથી) | | માગણી ગિલોટીનમાં જવાથી તેના પરની કાપ-દરખાસ્તો રજૂ થઈ શકી નહિ. | | |
| ... | ૨ (૧૧ સૂચનાઓમાંથી) | | માગણી ગિલોટીનમાં જવાથી તેના પરની કાપ-દરખાસ્તો રજૂ થઈ શકી નહિ. | | |
| ૩૧ | ૩૩ (૨૨૫ સૂચનાઓમાંથી) | ૧૫ | ... | ... | ૧૫ |

ગિલોટીનમાં જવાથી રજૂ થઈ શકી નહીં.

પત્રક

બીજા પ્રસ્તાવો

| મળેલ સૂચના-ઓની સંખ્યા | ના મંજૂર કરેલી, પાછી ખેંચી લીધેલી, વિગેરે | દાખલ કરેલી | દાખલ કરેલી સૂચનાનો વિષય (ટૂંકમાં) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧૬ | ૧૩ | ૩ | ૧. સન ૧૯૫૯ના મુંબઈ મોટર વાહન નિયમોના નિયમ ૪૭ (૩) ની જોગવાઈ સુધારવા બાબત.<br>૨. રાજ્યની વિવિધ નદીઓમાં આવેલ પૂરને કારણે થયેલ નુકશાન અંગે લેવાનાર વિવિધ પગલાં સંબંધમાં મુખ્ય મંત્રીશ્રીએ તા. ૨૬-૮-૬૮ ના રોજ ગૃહમાં કરેલ નિવેદન ઉપર ચર્ચા કરવા બાબત.<br>૩. ત્રીજી ગુજરાત વિધાનસભાનો ખાતરી સમિતિનો બીજો અહેવાલ ચર્ચામાં લેવામાં આવે. |

ક્રમાંક-૧૦

(નિયમ–૧૦૫)

| સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | ચર્ચાયાની તારીખ | પરિણામ |
|---|---|---|
| ૫ | ૬ | ૭ |
| શ્રી મનુભાઈ હ. પાલખીવાળા | ... | સમય ફાળવવામાં આવ્યો ન હોવાથી ચર્ચા માટે લઈ શકાયો નહિ. |
| શ્રી ઈન્દુભાઈ ચ. પટેલ | ૨-૯-૬૮ પાંચ કલાક | સમય પૂરો થઈ જતાં ચર્ચા બંધ કરવામાં આવી હતી. |
| શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજા | ... | સમયના અભાવે સભાગૃહમાં લઈ શકાયો નહીં. |

## પત્રક ક્રમાંક-૧૧

### ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની સૂચનાઓ (નિયમ–૧૧૨)

| મળેલ સૂચનાઓ-ની સંખ્યા | નામંજૂર કરેલી, પાછી ખેંચી લીધેલી વગેરે | દાખલ કરેલી | દાખલ કરેલી સૂચનાનો વિષય (ટૂંકમાં) | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | ચર્ચાની તારીખ / ચર્ચા માટે આપવામાં આવેલ સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૪૮ | *૩૧ | ૧૭ | ૧. કાપડ ઉદ્યોગમાં ફેલાયેલ કટોકટીને કારણે ઉભી થયેલ બેરોજગારીના પ્રશ્ન બાબત. | સર્વશ્રી મનુભાઈ પાલખીવાળા, નરેન્દ્રસિંહ ઝાલા અને સનત મહેતા. | ૧૧-૯-૬૮ / અઢી કલાક |
| | | | ૨. નર્મદા યોજનાનું કામ વહેલી તકે હાથ ધરવા બાબત. | સર્વશ્રી નરેન્દ્રસિંહ ઝાલા અને એચ. એમ. પટેલ. | ૧૩-૯-૬૮ / ૧ કલાક, ૨૦મિનિટ |
| | | | ૩. રાજ્યમાં પ્રવર્તતી દુષ્કાળની પરિસ્થિતિ બાબત. | સર્વશ્રી ભગવાનભાઈ પટેલ, નારણભાઈ શિ. પટેલ, ભાઈલાલભાઈ દ્યા. પટેલ, | સમયના અભાવે ચર્ચા માટે લઈ શકાઈ ન હતી. |

બાલાશંકર જોષી,
નરેન્દ્રસિંહ ઝાલા,
ભાઈલાલભાઈ મ. પટેલ,
ખોડુભા વાઘેલા,
ઉદેસિંહ વડોદિયા,
અમરસિંહ વાઘેલા,
ધર્મસિંહભાઈ પટેલ,
છબીલદાસ મહેતા અને
શાંતાબેન પટેલ.

---

* આમાંથી ૧૧ સૂચનાઓને નિયમ ૧૧૯ હેઠળ ધ્યાન દોરતી સૂચના તરીકે દાખલ કરવામાં આવી હતી.

## પત્રક ક્રમાંક-૧૨.

### ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬)

| મળેલી સૂચનાઓની સંખ્યા. | નામંજૂર કરેલી, પાછી ખેંચી લીધેલી વિગેરે | દાખલ થયેલી | દાખલ થયેલી સૂચનાનો વિષય (ટૂંકમાં) | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | બાબત પર ધ્યાન દોર્યા તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૯૬ | ૭૧ | ૨૫ | ૧ કોલસા અને પીગ આયર્નની તંગીથી સૌરાષ્ટ્રના અમુક શહેરોના એન્જીનીયરીંગ ઉદ્યોગો બંધ પડવાના ઉભા થયેલા ભય બાબત. | સર્વશ્રી લીધાધર પટેલ, ચંદ્રસિંહજી જાડેજા અને ધર્મસિંહભાઈ ડા. પટેલ. | ૩-૯-૬૮ |
| | | | ૨ સૌરાષ્ટ્રમાં ભેળસેળવાળા ખાતરના વેચાણ બાબત. | સર્વશ્રી ચંદ્રસિંહજી દી. જાડેજા, સનત મહેતા અને ભાણજી ભીમજી પટેલ. | ૬-૯-૬૮ |
| | | | ૩ સૌરાષ્ટ્રમાં મગફળીના પાકમાં "મશી-મોલો નામની જીવાતના ઉપદ્રવ બાબત. | સર્વશ્રી ધર્મસિંહભાઈ ડા. પટેલ, ભગવાનભાઈ કા. પટેલ, ચુનીલાલ પી. ચુડગર, | ૧૧-૯-૬૮ |

| | | | |
|---|---|---|---|
| | | દિગ્વિજયસિંહજી,<br>ધર્મેન્દ્રસિંહજી રાણા,<br>સનત મહેતા,<br>ભીમસીંગ ફે. વસાવે,<br>માર્તંડરાય ગં. શાસ્ત્રી અને<br>મનુભાઈ હ. પાલખીવાળા. | |
| ૪ | ગોળની રસીની તંગી બાબત. | સર્વશ્રી મનુભાઈ હ. પાલખીવાળા,<br>માર્તંડરાય ગં. શાસ્ત્રી,<br>સનત મહેતા અને<br>સોમાભાઈ સી. દેસાઈ. | ૧૨-૯-૬૮ |
| ૫ | ઉત્તર ગુજરાતમાં કૃષિ વિદ્યાપીઠ સ્થાપવા અંગેના સરકારના નિર્ણયથી જૂનાગઢમાં ફેલાયેલી અશાંતિ બાબત. | સર્વશ્રી મનુભાઈ હ. પાલખીવાળા અને ધર્મસિંહભાઈ ડા. પટેલ. | ૧૪-૯-૬૮ |
| ૬ | બનાસકાંઠા અને કચ્છ જિલ્લાના કેટલાક ગામોમાં દુષ્કાળની પરિસ્થિતિ બાબત. | સર્વશ્રી મનુભાઈ હ. પાલખીવાળા,<br>વીરજી ભીમજી દાફડા,<br>નાગજીભાઈ ગો. આર્ય,<br>ગુમાનસિંહ અ. વાઘેલા,<br>સનત મહેતા,<br>રતિલાલ ખુશાલદાસ પટેલ<br>અને માર્તંડરાય ગં. શાસ્ત્રી. | ૧૪-૯-૬૮<br>નિવેદન ગૃહના મેજઉપર મૂકવામાં આવ્યું. |
| ૭ | સાવલી તાલુકાના અમરાપુરા ગામે એક શિક્ષકે હરિજનના કરેલા ખૂન બાબત. | સર્વશ્રી સનત મહેતા,<br>નરહરિલાલ પુરોહિત અને<br>નાગજીભાઈ ગો. આર્ય. | ” |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| | | | ૮ રાજ્યમાં અનાજ અને તેલના ભાવમાં ઉછાળો આવવાથી ઉભી થયેલી પરિસ્થિતિ બાબત. | સર્વશ્રી સોમાભાઈ સી. દેસાઈ, માર્તંડરાય ગં. શાસ્ત્રી, મનુભાઈ હ. પાલખીવાળા, રતિલાલ ખુશાલદાસ પટેલ, મધુભાઈ દા દેસાઈ, કમળાશંકર દવે, જમુભાઈ ભટ્ટ, ધર્મસિહભાઈ ડા. પટેલ, લીલાધર પટેલ, ખોડુભા વાઘેલા, શંકરલાલ મો. પટેલ, ઉદેસિંહ વી. વડોદિયા, સનત મહેતા, દ્વારકાદાસ બારાઈ, કસ્તુરભાઈ દોશી અને નરેન્દ્રસિંહ અ. ઝાલા. | ૧૪-૯-૬૮ નિવેદન ગૃહના મેજ ઉપર મૂકવામાંઆવ્યું. |
| | | | ૯ વિરમગામ તાલુકાના એંદલા ગામના હરિજનોનો સામાજિક બહિષ્કાર કરવાથી ઉભી થયેલી પરિસ્થિતિ બાબત. | સર્વશ્રી નાગજીભાઈ ગો. આર્ય અને પાલાભાઈ ના. પરમાર. | ” |

Hb—1105—(9)

| | | | |
|---|---|---|---|
| ૧૦ | અમરેલી જીલ્લાના બે મહાલોમાં ઊભી થયેલી દુષ્કાળની પરિસ્થિતિ બાબત. | શ્રીમતી સુમિત્રાબહેન હ. ભટ્ટ. | ” |
| ૧૧ | પોલીયોની રસીમાં ખરાબી બાબત. | સર્વશ્રી સનત મહેતા અને મનુભાઈ હ. પાલખીવાળા. | ” |
| ૧૨ | અમદાવાદમાં બળીયા લીમડી પાસે મીલ કામદારોની થયેલી ધરપકડ બાબત. | શ્રી મનુભાઈ હ. પાલખીવાળા. | ” |

નોંધ:—પત્રકના ખાના ૫માં દર્શાવેલ નામોમાં જે તે સરખા વિષયની, નિયમ-૧૧૨ હેઠળ ટૂંક સમયની ચર્ચા માટેની ૧૧ સૂચનાઓ આપનાર અને ટૂંકી મુદતના ૯ પ્રશ્નોની સૂચના આપનાર સભ્યોનાં નામોનો પણ સમાવેશ થાય છે.

## પત્રક ક્રમાંક-૧૩

## રજૂઆત માટેનાં બિન-સરકારી વિધેયકો

| ક્રમાંક | વિધેયકનું નામ | સરકારી વિભાગનું નામ | પ્રભારી સભ્યનું નામ | રજૂ કર્યાની તારીખ | વિધેયકનો ક્રમાંક અને પ્રકાશનની તારીખ | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | સન ૧૯૬૮નું ગુજરાત મોટર-કાર ડ્રાઈવર વિધેયક. | શિક્ષણ અને મજૂર વિભાગ | શ્રી સનત મહેતા વિ. સ. સ. | ૧૨-૯-૧૯૬૮ | સન ૧૯૬૮નું વિધેયક ક્રમાંક ૩૯ તા. ૨૪-૧૦-૬૮ | -- |
| ૨ | સન ૧૯૬૮નું ગુજરાત આયુ-ર્વેદ યુનિવર્સિટી (સુધારા) વિધેયક | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી મનુભાઈ હ. પાલખીવાળા વિ. સ. સ. અને શ્રી ચીમનભાઈ શુકલ, વિ.સ.સ. | ૧૨-૯-૧૯૬૮ | સન ૧૯૬૮નું વિધેયક ક્રમાંક ૪૦ તા. ૨૪-૧૦-૬૮ | -- |
| ૩ | સન ૧૯૬૮નું ગુજરાત લોકપાલ વિધેયક. | સામાન્ય વહીવટ વિભાગ. | શ્રી સનત મહેતા વિ. સ. સ. | ૧૨-૯-૧૯૬૮ | સન ૧૯૬૮નું વિધેયક ક્રમાંક ૪૧ તા. ૨૪-૧૦-૬૮ | -- |
| ૪ | સન ૧૯૬૮નું ગુજરાત દફન-સ્થાન સંભાળ અને નિભાવ વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ. | શ્રી ગંગારામ રાવળ વિ. સ. સ. | ૧૨-૯-૧૯૬૮ | સન ૧૯૬૮નું વિધેયક ક્રમાંક ૪૨ તા. ૨૪-૧૦-૬૮ | -- |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૫ | સન ૧૯૬૮નું ગુજરાત નગર-પાલિકા (સુધારા) વિધેયક | પંચાયત અને આરોગ્ય વિભાગ. | શ્રી કસ્તુરભાઈ દોશી વિ.સ.સ. | ૧૨-૯-૧૯૬૮ | સન ૧૯૬૮નું વિધેયક ક્રમાંક ૪૩ તા. ૨૪-૧૦-૬૮ | -- |
| ૬ | સન ૧૯૬૮નું ગુજરાત નગર-પાલિકા (સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ. | શ્રી ચુનીલાલ ચુડગર વિ. સ.સ. | ૧૨-૯-૧૯૬૮ | સન ૧૯૬૮નું વિધેયક ક્રમાંક ૪૪ તા. ૨૪-૧૦-૬૮ | -- |
| ૭ | સન ૧૯૬૮નું ગુજરાત જમીન મહેસૂલ નાબૂદી વિધેયક. | મહેસૂલ વિભાગ | શ્રી જી. ડી. પાઠક, વિ. સ.સ. | ૧૨-૯-૧૯૬૮ | સન ૧૯૬૮નું વિધેયક ક્રમાંક ૪૫ તા. ૨૪-૧૦-૬૮ | -- |
| ૮ | સન ૧૯૬૮નું ગુજરાત જમીન મહેસૂલ નાબૂદી વિધેયક. | મહેસૂલ વિભાગ | શ્રી કે. બી. દવે, વિ.સ.સ. | ૧૨-૯-૧૯૬૮ | નસ ૧૯૬૮નું વિધેયક ક્રમાંક ૪૬ તા. ૨૪-૧૦-૬૮ | -- |
| ૯ | સન ૧૯૬૮નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક. | મહેસૂલ વિભાગ | શ્રી વી. વી. મહેતા, વિ.સ.સ. | ૧૨-૯-૧૯૬૮ | સન ૧૯૬૮નું વિધેયક ક્રમાંક ૪૭ તા. ૨૪-૧૦-૬૮ | -- |
| ૧૦ | સન ૧૯૬૮નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક. | મહેસૂલ વિભાગ | શ્રી એ. બી. વાઘેલા, વિ. સ. સ. | ૧૨-૯-૧૯૬૮ | સન ૧૯૬૮નું વિધેયક ક્રમાંક ૪૮ તા. ૨૪-૧૦-૬૮ | -- |

## પત્રક ક્રમાંક-૧૪

### બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો

| ક્રમાંક | વિધેયકનું નામ | સરકારી વિભાગનું નામ | પ્રભારી સભ્યનું નામ | વિધેયક અંગે પ્રસ્તાવો | તારીખ | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | સન ૧૯૬૭નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨૧-સન ૧૯૬૭નું ગુજરાત પશુઓનું બલિદાન આપવાની મનાઈ કરવા બાબતનું વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી નાગજીભાઈ ગો. આર્ય વિ.સ.સ. | -- | -- | સભ્યશ્રીની ગેર-હાજરીને કારણે વિધેયક ચર્ચામાં લેવામાં આવ્યું ન હતું. |

પત્રક ક્રમાંક—૧૫

## પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો

| ક્રમાંક | વિધેયકનું નામ | સરકારી વિભાગનું નામ | પ્રભારી સભ્યનું નામ | વિધેયકો અંગે પ્રસ્તાવો | તારીખ | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | સન ૧૯૬૮નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૧૬ સન ૧૯૬૮નું ગુજરાત ઔદ્યોગિક કામદારો માટે મકાનોની જોગવાઈ કરવા બાબતનું વિધેયક. | જાહેર બાંધકામ વિભાગ | શ્રી મનુભાઈ પાલખીવાળા, વિધાનસભા સભ્ય | ... | ... ... | સમયના અભાવે વિધેયક ચર્ચામાં લેવામાં આવ્યું ન હતું. |
| ૨. | સન ૧૯૬૮નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૧૭ સન ૧૯૬૮નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક. | ખેતીવાડી અને સહકાર વિભાગ | શ્રી ચુનીભાઈ ગ. પટેલ, વિધાનસભા સભ્ય. | ... | | ” |
| ૩. | સન ૧૯૬૮નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૧૮ સન ૧૯૬૮નું આનર્ત પ્રદેશ કૃષિ વિશ્વ વિદ્યાલય વિધેયક. | ખેતીવાડી અને સહકાર વિભાગ. | શ્રી ગંગારામ ચુ. રાવળ અને બીજા સાત સભ્યો. | ... | ... | ” |

## પત્રક ક્રમાંક-૧૫ (ચાલુ)

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| ૪. | સન ૧૯૬૮નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૧૯ સન ૧૯૬૮નું ઉત્તર ગુજરાત કૃષિ યુનિવર્સિટી વિધેયક. | ખેતીવાડી અને સરકાર વિભાગ | શ્રી ચુનીભાઈ ગ. પટેલ અને બીજા ત્રેવીસ સભ્યો. | ... | ... | સમયના અભાવે આ વિધેયક ચર્ચામાં લેવામાં આવ્યું ન હતું. |
| ૫. | સન ૧૯૬૮ નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૨૦ સન ૧૯૬૮નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી નાગજીભાઈ ગો. આર્ય, વિધાન-સભા સભ્ય. | ... | ... | ,, |
| ૬. | સન ૧૯૬૮નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૨૧ સન ૧૯૬૮ નું મુંબઈ ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ વિધેયક. | જાહેર બાંધકામ વિભાગ | શ્રી મનુભાઈ હ. પાલખીવાળા, વિધાનસભા સભ્ય | ... | ... | ,, |
| ૭. | સન ૧૯૬૮નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૨૨ સન ૧૯૬૮નું ગુજરાત યુનિવર્સિટી (સુધારા) વિધેયક. | શિક્ષણ અને મજૂર વિભાગ | શ્રી મનુભાઈ હ. પાલખીવાળા, વિધાનસભા સભ્ય | વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે-પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો. | ૧૨-૯-૧૯૬૮ | ,, |
| ૮. | સન ૧૯૬૮નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૨૩ સન ૧૯૬૮નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી મનુભાઈ હ. પાલખીવાળા, વિધાનસભા સભ્ય | ... | ... | ,, |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯. સન ૧૯૬૮નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૨૪ સન ૧૯૬૮નું જાહેર વ્યક્તિ તપાસ વિધેયક. | ગૃહ વિભાગ | શ્રી સનત મહેતા વિધાનસભા સભ્ય | ... | ... | ” |
| ૧૦. સન ૧૯૬૮નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૨૫ સન ૧૯૬૮નું ગુજરાત હોમિયોપેથિક (સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી નરેન્દ્રસિંહ ઝાલા, વિધાનસભા સભ્ય. | ... | ... | ” |
| ૧૧. સન ૧૯૬૮નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૨૬ સન ૧૯૬૮નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી નાગજીભાઈ ગો. આર્ય, વિધાનસભા સભ્ય. | ... | ... | ” |
| ૧૨. સન ૧૯૬૮નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૨૭ સન ૧૯૬૮નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી દલજીતસિંહજી વિધાનસભા સભ્ય | ... | ... | ” |
| ૧૩. સન ૧૯૬૮નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૨૮ સન ૧૯૬૮નું જાહેર વ્યક્તિ તપાસ વિધેયક. | ગૃહ વિભાગ | શ્રી મનોહરસિંહજી જાડેજા, વિધાનસભા સભ્ય. | ... | ... | ” |
| ૧૪. સન ૧૯૬૮નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૨૯ સન ૧૯૬૮નું ગુજરાત વિધાનસભા સચિવાલયના કર્મચારીઓની (ભરતી અને સેવાની શરતો) વિધેયક. | કાયદા વિભાગ | શ્રી મનોહરસિંહજી જાડેજા, વિધાનસભા સભ્ય. | ... | ... | ” |

## પત્રક ક્રમાંક-૧૫ (પૂર્ણ)

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| ૧૫. | સન ૧૯૬૮નું વિધાનસભા વિધેયક ક્રમાંક-૩૦ સન ૧૯૬૮નું મુંબઈ ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયક. | જાહેર બાંધકામ | શ્રી વી. વી. મહેતા, અને બીજા બે સભ્યશ્રીઓ | ... | ... | સમયના અભાવે આ વિધેયક ચર્ચા-માં લેવામાં આવ્યું ન હતું. |

### પત્રક ક્રમાંક-૧૬

### બિન-સરકારી સંકલ્પો

| | | |
|---|---|---|
| ૧. | ફાળવેલા દિવસોની સંખ્યા. | ૧ |
| ૨. | સંકલ્પોની મળેલી સૂચનાઓની સંખ્યા. | ૨૨૦ |
| ૩. | દાખલ ન થયેલા સંકલ્પોની સંખ્યા. | ૫૬ |
| ૪ | દાખલ કરવામાં આવેલા સંકલ્પોની સંખ્યા. | ૧૬૪ |
| ૫. | બેલટમાં લીધેલા સંકલ્પોની સંખ્યા. | ૧૬૪ |
| ૬. | રજૂ ન થયેલા સંકલ્પોની સંખ્યા. | ૨ |
| ૭. | રજૂ કરવામાં આવેલા, પરંતુ ચર્ચાને અંતે પાછા ખેંચી લીધેલા સંકલ્પોની સંખ્યા. | ૨ |
| ૮ | રજૂ કરવામાં આવેલા પરંતુ મત માટે મૂકાતાં સભાગૃહે અસ્વીકાર કર્યો હોય તેવા સંકલ્પોની સંખ્યા (બીજા ૧૭ સંકલ્પો આવા જ હતા.) | ૨ |
| ૯. | રજૂ કરવામાં આવેલા અને સભાગૃહે સ્વીકાર કર્યો હોય તેવા સંકલ્પોની સંખ્યા. | — |
| ૧૦. | સૂચના રદ થઈ હોય તેવા સંકલ્પો. | ૧૪૧ |

## પત્રક ક્રમાંક-૧૭

### નિયમ ૧૮૭ હેઠળના પ્રસ્તાવો

| અનુ-ક્રમાંક | સૂચનાનો વિષય | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | ચર્ચાયાની તારીખ | પરિણામ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | રાજ્યવ્યાપી પૂરનિયંત્રણ યોજના ઘડવા બાબત. | શ્રી નાગજીભાઈ આર્ય | ૧૦-૯-૬૮ | ચર્ચાને અંતે ગૃહની પરવાનગીથી પ્રસ્તાવ પાછો ખેંચી લેવામાં આવ્યો. |
| ૨ | બંધ પડેલી મિલો અને કારખાનાઓને પુનર્જિવિત કરી બેરોજગારી દૂર કરવા બાબત. | શ્રી મનુભાઈ પાલખીવાલા. | ,, | સભ્યશ્રીની ગેરહાજરીને કારણે ચર્ચા માટે લઈ શકાયો નહિ. |
| ૩ | સૌરાષ્ટ્ર અને કચ્છમાં રસ્તાઓ, પુલો, જળસિંચાઈ વિગેરેના વિકાસ અંગે. | શ્રી ધર્મસિંહભાઈ પટેલ | ,, | ચર્ચાને અંતે મત લેવાતાં પ્રસ્તાવનો અસ્વીકાર થયો. |
| ૪ | રાજ્યમાં સહકારી મંડળીઓ મારફત થતી ખાતરની વહેંચણીમાં રહેલી ક્ષતિઓ દૂર કરવા બાબત. | શ્રી ભાઈલાલભાઈ દા પટેલ | ,, | ચર્ચાને અંતે મત લેવાતાં પ્રસ્તાવનો અસ્વીકાર થયો. |
| ૫ | હાઈબ્રીડ બીયારણની શુધ્ધતા અને ભાવ જાળવી રાખવા બાબત. | શ્રી ધર્મેન્દ્રસિંહજી. | ,, | ,, |
| ૬ | રાજ્યમાં ભારે વરસાદને કારણે થયેલ તારાજીથી અસર પામેલા ખેડૂતોને રાહત આપવા બાબત. | શ્રી ચન્દ્રસિંહજી જાડેજા. | ,, | સમયના અભાવે ચર્ચા માટે લઈ શકાયો નહિ. |

પત્રક ક્રમાંક-૧૮

## વિભાજન

| ક્રમાંક | તારીખ | જે પ્રસ્તાવ પર વિભાજન માંગવામાં આવ્યું હોય તે પ્રસ્તાવનો વિષય | જે પ્રસ્તાવ પર વિભાજન માગવામાં આવ્યું હોય તે પ્રસ્તાવ રજૂ કરનાર સભ્યનું નામ | વિભાજનની માગણી કરનાર સભ્યનું નામ | પ્રસ્તાવની તરફેણમાં મતની સંખ્યા | પ્રસ્તાવની વિરૂધ્ધમાં મતની સંખ્યા | પરિણામ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૫-૯-૬૮ | કામકાજ સલાહકાર સમિતિની ભલામણો સ્વીકારવા અંગેનો પ્રસ્તાવ પુન: વિચારણા કરવા માટે સમિતિને પાછો સોંપવા અંગેનો પ્રસ્તાવ. | વિ.સ.સ. શ્રી મનુભાઈ હ. પાલખીવાળા | વિ.સ.સ. શ્રી મનુભાઈ હ. પાલખીવાળા | ૪૪ | ૭૬ | પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો. |
| ૨ | ૬-૯-૬૮ | લોકપાલની પ્રથા દાખલ કરવા અંગે તાત્કાલિક પગલાં લેવા અંગેનો સંકલ્પ. | વિ.સ.સ. શ્રી દલજીતસિંહજી | વિ.સ.સ. શ્રી નરેન્દ્રસિંહ ઝાલા | ૩૬ | ૬૨ | સંકલ્પનો અસ્વીકાર કરવામાં આવ્યો. |
| ૩ | ૧૦-૯-૬૮ | ગુજરાત રાજ્યમાં ખાતરની વહેંચણીની જે પધ્ધતિ છે તેના બદલે બીજી વ્યવસ્થા કરવા અંગેનો અહેવાલ સાદર કરવા માટે સમિતિ નીમવા બાબતનો પ્રસ્તાવ. | વિ.સ.સ. શ્રી ભાઈલાલભાઈ દા. પટેલ | વિ.સ.સ. શ્રી ભાઈલાલભાઈ દા. પટેલ | ૩૯ | ૭૦ | પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો. |

પત્રક ક્રમાંક-૧૮ (પૂર્ણ)

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧૦-૯-૬૮ | હાઈબ્રીડ બીયારણની વ્યવસ્થા સૂચવવા માટેનો અહેવાલ સાદર કરવા સમિતિ નીમવા બાબતનો પ્રસ્તાવ. | વિ.સ.સ. શ્રી ધર્મેન્દ્રસિંહજી રાણા | વિ.સ.સ. શ્રી ધર્મેન્દ્રસિંહજી રાણા | ૩૭ | ૬૪ | પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો |
| ૫ | ૧૨-૯-૬૮ | સન ૧૯૬૮નું ગુજરાત યુનિવર્સિટી (સુધારા) વિધેયકના પહેલા વાંચન અંગેનો પ્રસ્તાવ | વિ.સ.સ. શ્રી મનુભાઈ હ. પાલખીવાળા | વિ.સ.સ. શ્રી શ્રી મનુભાઈ હ. પાલખીવાળા | ૩૫ | ૬૮ | " |
| ૬ | ૧૩-૯-૬૮ | સન ૧૯૬૮ના મુંબઈ વીજળી વેરા (સુધારા) વિધેયક પરનો સુધારો. | વિ. સ. સ. શ્રી દ્વારકાદાસ બારાઈ | વિ.સ.સ. શ્રી નરેન્દ્રસિંહજી ઝાલા | ૪૫ | ૭૬ | સુધારાનો અસ્વીકાર કરવામાં આવ્યો |

ગુજરાત વિધાનસભા ગ્રંથાલય ક્રમાંક તારીખ

સરકારી મધ્યસ્થ પ્રેસ, અમદાવાદ